## ૧૦ મહોપાધ્યાય પંડિતપ્રવર જૈનકવિરત્ન

# શ્રીમદ્ દેવચંદ્રજી

## તેમનું જીવન અને ગુર્જર સાહિત્ય.

( લેખક:— **મણિલાલ મોહનલાલ પાદરાકર.** પાદરા. )

" હોવત જો તનું પાંખડિ, આવત નાથ હજુર લાલરે !
જો હોતી ચિત્ત આંખડિ, દેખત નિત્ય પ્રભુ નૂર લાલરે ! "

**શ્રી દેવજશા સ્તવન.**

રાગ—

" આતમ પ્રદેશ રંગથલ અનૂપમ,
સમ્યક્‌દર્શન રંગરેં નિજ સુખ કે સધૈયા ।।
તું તો નિજ ગુણ ખેલ વસંત રે ।। નિજ ।।
પરપરિણતી ચિંતા તજી નિજમેં,
જ્ઞાન સખાકે સંગરે ।। નિજ ।।
વાસ બરાસ સુરુચિ કેશર ઘન,
છાંટો પરમ પ્રમોદ રે !
આતમરમણ ગુલાલ કી લાલી,
સાધક શકિત વિનોદ રે ।। નિજ ।। "

**શ્રી મહાજસજિન સ્તવન.**

**શ્રીમદ્દનું જીવનચરિત્ર જાણવાનાં સાધન.**

શ્રી જૈન ધર્મના ખરતર ગચ્છીય અધ્યાત્મજ્ઞાનગગનદિનમણિ પંડિતપ્રવર શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજના જીવનચરિત્રની રૂપરેખા તેમના વર્તમાન કાળે ઉપલબ્ધ એવા અમૂલ્ય ગ્રંથોમાં શ્રીમદે કાઢેલા વાણીના ઉદ્‌ગારો પરથી દોરી શકાય છે. તેઓશ્રી જૈન ધર્મના મહાન્ ઉપદેષ્ટા, અનન્ય આત્મજ્ઞાની, જૈનધર્મરક્ષક, ગીતાર્થ અધ્યાત્મી મુનિવર હતા. આ જૈન તત્ત્વજ્ઞાની, મહાન્ અલખમસ્ત કવિરત્નનું સાદ્યંત જીવનચરિત્ર, સાહિત્ય, ધર્મ કે જ્ઞાનના અનન્ય ઉપાસક તરીકેનું વૃત્તાંત, કોઈ પણ ઠેકાણેથી જોઇએ તેવા સ્વરૂપમાં ઉપલબ્ધ થતું નથી એ જૈન ઇતિહાસના આલેખનના અભાવને આભારી અને શોચનીય છે. તેમના સમકાલીન શ્રીમદ્ જ્ઞાનસાગરજી, મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી, શ્રીમદ્ જ્ઞાનવિમળસૂરિ, શ્રીમદ્, જિનવિજયજી, શ્રીમદ્ ઉત્તમવિજયજી, શ્રીમદ્ વિનયવિજયજી, શ્રીમદ્ ઉદયરત્નજી, શ્રીમદ્ મોહનવિજયજી આદિ મહાસમર્થ વિદ્વાનો, કવિઓ, પંડિતો અનેક ગ્રંથોના રચિયતા હતા, તેમ છતાં તેમનું જીવનચરિત્ર કોઇએ સાહિત્યમાં જળવાઇ રહે તેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રબંધ તરીકે રચ્યું હોય તેમ અદ્યાપિ નિર્ણય થયો નથી. જૈન દર્શનના મહાત્માઓ પોતાનું ચરિત્ર પોતાની મેળે, આત્મ પ્રશંસાદિ કારણે, નહિં લખવાની પ્રણાલિકાના કારણે, તેઓના જીવનની હકીકત, તેમના શ્રીમુખથી વા લેખિનીથી કથં પ્રકટી શકે? જો તેઓ આચાર્ય પરંપરાની પાટ ઉપર થયા હોત, તો કેટલીક હકીકત, પટ્ટ પરંપરામાં થનારા, આચાર્યોની પેઠે જાણી શકાત વા તેમના શિષ્યો જ્ઞાની થયા હોત, તો તેઓએ પોતાના ગુરુનું જીવનચરિત્ર આલેખ્યું હોત જ. પણ તેમ બન્યું નથી. પૂર્વાચાયોની પાછળ થનાર તેમના શિષ્યો વા તેમના ગુણાનુરાગીઓ, પૂર્વાચાર્યોનું ઐતિહાસિક મુદ્દા આદિથી મિશ્ર જીવનચરિત્ર લખી શકે છે પણ અસલીયાતમાં અને કૃત્રિમતામાં ભેદભાવ પ્રકટ જ રહે છે. શ્રીમદ્‌ના બનાવેલા અનેક અમૂલ્ય સંસ્કૃત પ્રાકૃત તથા ગુર્જર ભાષાના ગ્રંથોની પ્રશસ્તિઓ પરથી શ્રીમદ્‌નું કેટલુંક જીવનચરિત્ર જાણી શકાય તેમ છે, અને તે પરથી તેમના હૃદય વિચારના અવલોકન દ્વારા, આચારાદિ બાહ્ય ચરિત્ર, અંતરંગ સ્થિતિ, અધ્યાત્મજ્ઞાનમસ્ત દશા ઉચ્ચ કવિત્વ-વકતૃત્વ-લેખનશક્તિ અને તે પ્રસંગના કેટલાક બનાવોને આલેખી શકાય. પણ તેમ કરવા માટે તેમના ગ્રંથોનું પૂર્ણતયા સતત પરિશીલન થવું જોઇએ.

**જીવનચરિત્ર માટે પત્ર વ્યવહાર અને શોધ ખોળ.**

શ્રીમદ્‌ના સંસ્કૃત પ્રાકૃત-વ્રજ-માગધી અને ગુર્જર ભાષાના ગ્રંથોની હસ્તલિખિત દુર્મિળ પ્રતો મેળવવાનો પ્રયાસ, પ્રાતઃસ્મરણીય-અધ્યાત્મજ્ઞાની-વિદ્વાન કવિરત્ન શ્રીમદ્‌ આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી એમના સદુપદેશથી, મારા અધ્યાત્મજ્ઞાનરસિક પૂજ્ય પિતાશ્રી વકીલ મોહનલાલ હિમચંદ એમણે જાહેરખબરો વડે, તથા, મારવાડ, મેવાડ, જોધપૂર, બીકાનેર, જેસલમેર, કલકત્તા, અમદાવાદ, સુરત, ભરૂચ, આદિ દૂર દૂરના પ્રદેશોમાં માણસો મોકલી-પત્રવ્યવહાર કરી-ને ક્યાંક ક્યાંક જાતે જઇ, દ્રવ્ય વ્યયથી, લાગવગથી, ઘણી મુશ્કેલીએ દીર્ઘ સમય પ્રયત્ન કરી, મોટો સંગ્રહ મેળવ્યો. જૂદા જૂદા ભંડારોમાંથી એકજ ગ્રંથની ભિન્ન ભિન્ન પ્રતો મેળવી, તે શ્રીમદ્‌ બુદ્ધિસાગરજી મહારાજ પાસે સંશોધિત કરાવી, પોતાના અધ્યાત્મજ્ઞાનરસિક સહાધ્યાયીઓ સાથે છપાવવાનો પ્રબંધ કરી છપાવી, જે પરથી શ્રીમદ્‌નું જીવનચરિત્ર તૈયાર કરવા મને સારી અનુકૂળતા મળી ગઇ.

**શ્રીમદ્‌ની જન્મભૂમિ.**

કેટલાક વૃદ્ધ પુરુષોના કહેવા પ્રમાણે શ્રીમદ્‌ની જન્મભૂમિ ગુર્જરાષ્ટ્ર (ગુર્જરત્રા) છે એમ જણાય છે. કારણ શ્રીમદ્‌ની સૌથી પ્રથમ કૃતિ સં. ૧૭૪૭ ની સાલમાં બનેલી અષ્ટપ્રકારી અને એકવીસ પ્રકારી પૂજાઓમાં તે વખતની ઘરગતુ ગુર્જર ભાષા વપરાયલી જણાય છે. ગુર્જર સિવાય અન્યદેશીય ગુજરાતી ભાષા શરૂઆતના ગ્રંથમાં આટલી સુંદર અને પૂર્ણાશે ન હોય. ગુર્જર ભાષાના સાક્ષરો જો તે લક્ષ દઇને વાંચશે તો શ્રીમદ્‌ની શરૂઆતની કૃતિઓની ભાષામાં છંટાઇ રહેલી ઘરગતુ ગુર્જર ભાષાની છાંટ જણાઇ આવ્યા સિવાય રહેશે નહીં. શ્રીમદ્‌ની ૨૧ પ્રકારી પૂજામાંની ૧૭ મી પૂજાની ભાષા જુઓઃ—

ભંભા ભેરી મૃદંગ વર, તંત્રી તાલ કંડુતાલ ।
ઝલ્લરિ દુંદુહિ શંખ ઇતિ, વાજિત્ર પૂજ વિશાલ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિમ જિમ વાજિત્ર વાજે, ગાજે અતિ ઘનઘોર ।
તિમ તિમ જિનગુણે રાચે, નાચે જ્યું ઘનમોર ॥

૧૮ મી ગીતપૂજા—

ભૈરવ વિભાસ આશાવરી, ટોડી નટ્ટ કલ્યાણ ।
ધન્યાસિરિ પમુહે સ્તવે, પૂજાગીત પ્રમાણ ॥
ગુણ રાગેં શુદ્ધ રાગેં, જે કરે જિન ગાન ।
જાગે અનુભવ વાસના, માગેં કેવળ જ્ઞાન ॥
તાન માન સ્વર ગામની, મુર્ચ્છના ભેદેભેદ ।
લય લાગે રુચિ જાગે, ત્યાગે મનના ખેદ ॥

૨૦ મી સ્તુતિપૂજા—

વ્યાકરણ કાવ્ય અલંકૃતિ; તર્ક છંદ અપભ્રંશ ।
દોષ ન દોષેં સ્તુતિ કરે, સ્તુતિપૂજા ગુણ સત્ય ॥
સ્વર પદ વર્ણ વિરાજતી, ભાવતી ઉક્તિઅનૂપ ।
અતિશય ધારી ઉપગારી, અહ તસ શુદ્ધ સ્વરૂપ ॥

અષ્ટ પ્રકારી પૂજામાં તૃતીય પુષ્પપૂજા—

શત્રપત્રી વરમોગરા, ચંપક જાઇ ગુલાબ ।
કેતકી દમણો બોલસિરિ, પૂજો જિન ભરી છાબ ॥
અમલ અખંડિત વિકસિત, શુભ સુમની ઘણી જાતે ।
લાખિણો ટોડર ઠવો, અંગિ રચી બહુ ભાતિ ॥
ગુણ કુસુમે નિજ આતમા, મંડિત કરવા ભવ્ય ।
ગુણ રાગી જડ ત્યાગી, પુષ્પ ચઢાવો નવ્ય ॥

આ ઉપરથી પ્રતીતિ થશે કે શ્રીમદ્‌ની વાણીમાં ધરગતુ ગુજરાતી ભાષા ચમકે છે ને તેથીજ શ્રીમદ્‌નો જન્મ ગુર્જરરાષ્ટ્રમાં હોવાનો પૂર્ણતયા સંભવ છે. તેમજ આ મહાપુરુષ રત્નનો જન્મ પણ બ્રાહ્મણ વણિક અગર ક્ષત્રિયના ઉચ્ચ કુળમાં થયો હોવો જોઇએ. તેમણે ગુજરાતમાં મહાન અધ્યાત્મ જ્ઞાની ઉપાધ્યાયજી શ્રીમદ્ જ્ઞાનસાગરજી પાસે અભ્યાસ કરેલો હતો, તે વાત તેઓશ્રી પોતે ગુરુના ગુણગાનમાં સ્પષ્ટ કથે છે કે:—

" અગણિત ગુણગણ આગર, નાગર વંદિત પાયઃ
શ્રુતધારી ઉપગારી, જ્ઞાનસાગર ઉવઝાયઃ
તાસ ચરણરજ સેવક, મધુકર પરે લયલીન !
શ્રી જિન પૂંજા ગાઇ, જિનવાણી રસ પીન, "
" સંવત ગુણયુગ અચલ ઇન્દુ ( ૧૭૪૩ )
હર્ષભર ગાઇઓ શ્રી જિનેંદુ,
લહો જ્ઞાન ઉદ્યોત ઘન શિવ નિશાની: "

શ્રી જ્ઞાનસાગરજી પ્રાયઃ અંચળ ગચ્છમાં થયા જણાય છે. જૈનોમાં પૂર્વે ૮૪ ગચ્છો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રીમદ્‌નો જન્મ:**

હતા. પણ હવે તો ૫–૭ ગચ્છો જ રહ્યા જણાય છે ને તેમાં પણ ઝાઝા ભેદભાવ નથી જણાતા. શ્રીમદ્ ખરતર ગચ્છના, તેમના વિદ્યાગુરુ અંચળ ગચ્છના, અને તેમણે તપાગચ્છના મહાન્ ધુરંધર પંડિતોને ભણાવ્યા છે. આ પરથી શ્રીમદ્‌ના ગચ્છભેદની બાબતના વિચારોની વિશાળતાની પ્રતીતિ થાય છે.

શ્રીમદે ૧૭૪૩ ની સાલમાં પ્રથમ ગ્રંથ લખ્યો ને એ ગ્રંથ તે અષ્ટપ્રકારી પૂજા. તે વખતે તેમની ઉમર ઓછામાં ઓછી બાવીશ વર્ષની હોવી જોઇએ. એટલે તેમનો જન્મ સં. ૧૭૨૦ ની સાલ લગભગ સંભવે છે અને દીક્ષા સં. ૧૭૩૨ લગભગમાં સંભવે છે. આ પ્રમાણે તો શ્રીમદ્ દીક્ષા લીધા બાદ ૧૧ વર્ષે અને જન્મથી ત્રેવિશ વર્ષે ગ્રંથ રચવાને સમર્થ થયેલા હોવા જોઇએ. તેમજ તેમનો ગ્રહસ્થાવાસ લગભગ ૧૨ વર્ષનો હોઇ શકે.

**દીક્ષા.**

શ્રીમદે ખરતર ગચ્છના પાઠક દીપચંદ્રજી પાસે દીક્ષા લીધી હતી. આ ગચ્છમાં મહાપ્રતાપી શ્રી જિનચંદ્રસૂરિ, તેમના શ્રી પુણ્યપ્રધાનોપાધ્યાય, તેમના સુમતિસાગરોપાધ્યાય, તેમના રાજસાગર, તેમના જ્ઞાનધર્મપાઠક થયા, અને તેમના શિષ્ય રાજહંસ અને દીપચંદ્રજી થયા. એ શ્રમાન્ ઉપાધ્યાયજી દીપચંદ્રજી પાસે શ્રી દેવચંદ્રજીએ દીક્ષા લીધી હતી.

**વિહાર.**

દીક્ષા લીધા બાદ તેઓશ્રી ગુજરાત, કાઠીયાવાડ અને મારવાડમાં વિચર્યા હોય તેમ જણાય છે. શ્રીમદ્‌નો ગુર્જર ગિરાપરનો કાબુ ઘણો સારો હતો. સં. ૧૭૬૬ ની સાલમાં તેઓએ પંજાબ (મુલતાન) માં ધ્યાનદીપિકાચતુષ્પદી બનાવી, તે પણ ગુજરાતીમાં જ બનાવી છે. એથી જણાઇ આવે છે કે શ્રીમદ્ ગુર્જરરાષ્ટ્રીય જ હોવા જોઇએ. ધ્યાનચતુષ્પદીની થોડીક વાનગી:—

"સંસ્કૃત વાણિ પંડિત જાણે, સરવ જીવ સુખદાણીજી ॥
જ્ઞાતા જનને હિતકર જાણી, ભાષારૂપ વખાણીજી ॥
સંવત લેશ્યા રસને વારો ( ૧૭૬૬ ) જ્ઞેય પદાર્થ વિચારોજી ॥
અનુપમ પરમાતમ પદ ધારો, માધવ માસ ઉદારોજી ॥
ખરતર આચારજ ગચ્છ ધારી, જિણચંદ્રસૂરિ જયકારીજી ॥
તસુ આદેશ લહી સુખકારી, શ્રી મુલતાન મઝારીજી ॥
ધ્યાનદીપિકા એહવો નામો, અરથ અછે અભિરામોજી ॥
રવિશશિ લગિ થિરતા એ પામો, દેવચંદ્ર કહે આમોજી ॥

આ ભાષાપરથી સહજ પ્રતિત થાય છે કે શ્રીમદ્ લાંબો વખત ગુજરાતમાં રહેલા, ગુજરાતમાં જન્મેલા અને ગુર્જર ભાષા પર તેમનો કાબુ ઉત્તમ હોવા ઉપરાંત ભાષા ક્લિષ્ટતા–કઠોરતા વિનાની, સરળ ને ભાવવાહી છે.

ગુજરાતમાંથી વિહાર કરી શ્રીમદ્ મારવાડ ગયા. ત્યાં તેઓએ ચાતુર્માસ કર્યું ને ત્યાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રીમદ્‌ની વ્રજ ને માગધી ભાષામાં પ્રવીણતા.**

જેસલમેર થઇ પંજાબ તરફ વિચર્યાં હોય તેમ જણાય છે. પંજાબમાં તે વખતે જૈન વણિકોની ઘણી વસ્તી હોવી જોઇએ. ૧૭૬૬ ના વૈશાખ માસમાં ધ્યાનદીપિકા ચતુષ્પદી ( મુલતાનમાં ) અને ૧૭૬૬ ના પોષ માસમાં દ્રવ્યપ્રકાશ વ્રજ ભાષામાં બનાવ્યો. આ ગ્રંથ વિકાનેરમાં–સવૈયા છંદમાં રચ્યો છે. ધ્યાનદીપિકાની વાનગી તો આપણે જોઇ ગયા. હવે શ્રીમદ્‌ની વ્રજ ભાષાની બાની તરફ વળીયે—

## પરમાત્મ સ્વરૂપ કથન

### સવૈયા.

શુદ્ધ બુદ્ધ ચિદાનંદ, નિરધ્વંદ્વ: ભિમુકુંદ,
અફંદ અમોઘ કંદ, અનાદિ અનંત હે.
નિરમલ પરિબ્રહ્મ પૂરન પરમજ્યોતિ,
પરમ અગમ અક્રીરિય મહાસંત હે.
અવિનાશી અજ, પરમાત્મા સુજાન.
જિન નિરંજન અમલાન સિદ્ધ ભગવંત હેઃ
એસો જીવ કર્મ સંગ, સંગ લગ્યો જ્ઞાન મુલી,
કસ્તુર મૃગ જ્યું, ભૂવનમેં રહેત હેઃ

## ગ્રંથ મહિમા વર્ણન

પરસુ પ્રતિત નાહિં, પૂણ્ય પાપ ભીતિ નાહિં,
રાગ દ્વેષ રીતિ નાહિ, આતમ વિલાસ હેઃ
સાધકકો સિદ્ધિ હે બુજવે કુબુદ્ધિ હે કી,
રીજવે કો રિદ્ધિ જ્ઞાન, ભાનકો વિકાસ હેઃ
સજ્જન સુહાય દુજ, ચંદ જ્યું ચઢાવ હે કી,
ઉપસમ ભાવે યામે, અધિક ઉલ્લાસ હેઃ
અન્ય મત સૌ અફંદ, બંદત હે દેવચંદ,
એસે જૈન આગમમેં દ્રવ્યકોપ્રકાશ હેઃ

## સંવત કથન

બિક્રમ સંવત માનયહ. ભય લેશ્યાકે ભેદ
શુદ્ધ સંયમ અનુમોદિકે, કરી આસ્ત્રવકો છેદ. ( ૧૬૬૭ )

આ ઉપરાંત શ્રીમદનો વિહાર પંજાબ અને સરહદ સુધી થયો હોવો જોઇએ. પંજાબ તરફથી વિહાર કરી, સિંધ વગેરે થઇ, મોટા કોટમરોટ ( મારવાડ ) માં તેઓએ ચાતુર્માસ કર્યું જણાય છે. અહિં તેમણે સં. ૧૭૭૬ ફાલ્ગુન માસમાં તેમના સહાયક મિત્ર દુર્ગાદાસના આત્મ કલ્યાણ અર્થે આગમસારોદ્ધારની રચના કરી છે. આગમસારોદ્ધારનો ઉપસંહાર કરતાં શ્રીમદ કહે છેઃ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મરોગ ઔષધ સમી, જ્ઞાનસુધા રસવૃષ્ટિ;
શિવ સુખામૃત સરોવરી, જય જય સમ્યગ્દષ્ટિ.
× × ×
તાસ શિષ્ય આગમ રુચિ જૈન ધર્મકો દાસ;
દેવચંદ આનંદમેં, કીનો ધર્મ પ્રકાશ;
આગમસારોદ્ધાર યહ પ્રાકૃત સંસ્કૃત રૂપ;
ગ્રંથ કીનો દેવચંદ મુનિ, જ્ઞાનામૃત રસ કૂપ;
કર્યો ઇહાં સહાય અતિ, દુર્ગાદાસ શુભ ચિત્ત;
સમજાવન નિજ મિત્તકુ, કીનો ગ્રંથ પવિત્ર;
સંવત સિત્તર છિહત્તરે, મન શુદ્ધ ફાગુન માસ,
મોટે કોટ મરોટમેં, વસતાં સુખ ચોમાસ

**પ્રાકૃત-માગધી ભાષા.** મારવાડથી વિહાર કરીને તેઓ ગુજરાત તરફ આવ્યા જણાય છે. સંવત ૧૭૯૬ માં જામનગર (નવાનગર) માં કાર્તિક શુદ એકમે વિચારસાર નામે ગ્રંથ અને શુદી પંચમીએ જ્ઞાનમંજરી[1] પૂર્ણ કર્યાં જણાય છે. વિચારસાર માગધીમાં-સંસ્કૃત ટીકા સાથે મહાન્ ગહન ગ્રંથ છે. તેના ઉપસંહારમાં શ્રીમદ્ કથે છે કે:—

**जा जिणवाणी विजयइ, ताव थिरं चिट्ठउइमं वयणं ।**
**नूतण पूरम्मिर इयं, देवचंदेण नाणठ्ठं ॥**
**रसनिहीसंजमवरिसें, सिरीगोयम केवलस्य वरदिवसे ।**
**आयत्थं उद्धरियो, समय समुद्धाओरुद्दाओ ॥**

રસ ૬ નિધિ ૯ સંયમ ૧૭ એટલે ૧૭૯૬ ના વરસે શ્રી ગૌતમ કેવળ જ્ઞાન પામ્યા તે દિવસે એટલે કારતક શુદ-૧ ના રોજ આત્મબોધ અર્થે ઉદ્ધર્યો

**જ્ઞાનમંજરી ટીકા.** મહામહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજે શ્રી જ્ઞાનસાર સૂત્ર સંસ્કૃતમાં બનાવ્યું છે, જેનું નામજ જ્ઞાનસાર છે. તે પરથી તેમાં શું ભર્યું હશે એનો ખ્યાલ વિદ્વાન વાચકને સહેજે આવી શકશે જ. આ જ્ઞાનસાર સૂત્ર અષ્ટક કહેવાય છે, કારણ તેના આઠ આઠ શ્લોકના ૩૨ વિભાગ પાડી જૂદા જૂદા જ્ઞાન વિષયક વિષયો દરેકમાં અત્યંત ખૂબીથી ચર્ચ્યા છે. આ ઘણો કઠિન વિષય હોઇ તેનાપર શ્રીમદે સંસ્કૃતમાં જ ટીકા લખી છે, જેનું નામ જ્ઞાનમંજરી ટીકા રાખ્યું છે. શ્રીમદ્દને શ્રીમદ્ યશોવિજયજી માટે કેટલું બધું બહુમાન હશે, તેમજ ટીકાકાર તરીકેની તેમની કેટલી શક્તિ હશે એનો ખ્યાલ તો જ્ઞાનમંજરીનો જ્ઞાનાસ્વાદ લીધા સિવાય-કલમથી ભાગ્યે જ વર્ણવી શકાય. જેમ જ્ઞાનસારના ૨૫૬ શ્લોકોમાં શ્લોકે શ્લોકે અદ્દભુત જ્ઞાન રસ ટપકે છે, તેથી પણ વધુ મસ્ત બનાવી નાંખનાર આ જ્ઞાનમંજરીના પરિમળ છે. નયનિક્ષેપભંગપ્રમાણ યુક્ત આ જ્ઞાનસાર અને મંજરીનો રસાસ્વાદ મનુષ્યને અક્ષય સુખ આપનાર હોવાથી વધુ સુન્દર અને અમૂલ્ય છે.

૧. શ્રી યશોવિજયોપાધ્યાય વિરચિત જ્ઞાનસારની ટીકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આથી જણાય છે કે શ્રીમદ્ સં. ૧૭૯૬ માં ગુજરાત તરફ આવેલા અને ગુર્જરરાષ્ટ્રમાં રહેલા. આ સમય દરમીયાન, એટલે ૧૭૭૦ પછી તેઓશ્રી પં. જિનવિજયજીને ભણાવવા પાટણ આવ્યા. બાદ સં. ૧૭૭૫ પછી મોટા કોટમરોટ ગયેલા સંભવે છે.

શ્રીમદ સિદ્ધાંતોના પારગામી, પરમ જ્ઞાતા, મહા પ્રખર પંડિત અને સમદષ્ટિવાળા હતા. પોતે ખરતર ગચ્છના હોવા છતાં શ્રીમદ્ ખીમાવિજયજીએ જ્યારે પોતાના શિષ્ય જિનવિજયજીને વિશેષાવશ્યક ( એક ગહન તત્ત્વજ્ઞાનનો મહાન ગ્રંથ ) ભણાવવા માટે પાટણ આવવા આમંત્રણ કર્યું ત્યારે તેઓ તુર્તજ ત્યાં ઉપકાર બુદ્ધિથી પ્રેરાઇને ગયા ( સં. ૧૭૭૦ થી ૧૭૭૫ સુધી ) તેની સાક્ષી આ પ્રમાણેઃ—

**શ્રીમદે પં. જિનવિજયજી તથા પં. ઉત્તમવિજયજીને કરાવેલો અભ્યાસ.**

શ્રી જ્ઞાનવિમળસૂરિજી કન્હે, વાંચી ભગવતિ ખાસ;
મહાભાષ્ય અમૃત લહ્યો દેવચંદ્ ગણિ પાસ.

શ્રી જિનવિજયના શિષ્યરત્ન ઉત્તમવિજયે દીક્ષા લીધા બાદ તેમણે ગુરુ સાથે સંવત ૧૭૯૯ માં પાદરામાં ( લેખકના ગામમાં ) ચોમાસું કર્યું હતું અને એ જ સાલમાં શ્રાવણ શુ. ૧૦ મે જિનવિજયજીએ ભગવતી સૂત્ર વાંચતાં વાંચતાં જ પાદરામાં જ દેહોત્સર્ગ કર્યો હતો, અને જ્યાં તેમને અગ્નિદાહ દીધેલો ત્યાં તળાવ કાંઠે તેનો સ્મરણસ્તંભ (દેરી) અદ્યાપિ તેની સાક્ષી પુરી રહેલ છે. ત્યાર બાદ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં તેમણે ભાવનગરમાં ચોમાસું કર્યું જ્યાં શ્રીમદ્‌ને અભ્યાસ કરાવવા બોલાવ્યા હતા—

ભાવનગર આદેશે રહ્યા, ભવિહિત કરે મારા લાલ.
તેડાવ્યા દેવચંદ્રજીને, હવે આદરે મારા લાલ.
વાંચે શ્રી દેવચંદ્રજી પાસે, ભગવતી મારા લાલ;
પન્નવણા અનુયોગદ્વાર, વળી શુભમતિ મારા લાલ.
સર્વ આગમની આજ્ઞા દીધી. દેવચંદ્રજી મારા લાલ;
જાણી યોગ્ય તથા ગુણગણના વૃંદજી મારા લાલ.

શ્રી ઉત્તમ વિજય નિર્વાણ રાસ.

૧૮૦૩ માં શ્રીમદ્ ભાવનગરમાં હતા. તત્પશ્ચાત્ સુરત જઇ કચરા કીકાના શત્રુંજયના સંઘમાં યાત્રાર્થે ગયા. ભાવનગરથી પં. ઉત્તમવિજયજી પણ એક સંઘમાં શત્રુંજય યાત્રાર્થે આવ્યા. ૧૮૦૪ માં શ્રીમદે સંઘવીના સ્તવનમાં લખ્યું છે કેઃ—

સંવત અઢાર ચિડોતેર વરસે, સિત મૃગસિર તેરસીયે !
શ્રી સુરતથી ભક્તિ હરખથી, સંઘ સહિત ઉલ્લસીયે !
કચરા કીકા જિનવર ભક્તિ, રૂપચંદ ગુણવંતજીએ !
શ્રી સંઘને પ્રભુજી ભેટાવ્યા, જગપતિ પ્રથમ જિણંદજીએ.
જ્ઞાનાનન્દિત ત્રિભુવન વન્દિત, પરમેશ્વર ગુણભીના !
દેવચંદ્ર પદ પામે અદ્‌ભુત, પરમ મંગળ લયલીના !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે શ્રીમદ્‌ના વિહાર ને ચાતુર્માસ ગુજરાત, કચ્છ, કાઠીયાવાડ, લાટ, મારવાડ, સિંધ, પંજાબ આદિ દેશોમાં થયા હતા.

**પ્રતિષ્ઠાઓ.**

સં. ૧૭૯૪ માં શ્રીમદે શત્રુંજય પર્વતપર પ્રતિષ્ઠા કરાવી છે એમ શિલાલેખ પરથી જણાયાનું શ્રીયુત મોહનલાલ દીલચંદ દેશાઇ જણાવે છે. તેમજ તેમના ગુરુની સાથે ૧૭૮૮ માં શત્રુંજય પર કુંથુ નાથજીની પ્રતિષ્ઠા વખતે શ્રીમદ્ હાજર હતા, તથા અમદાવાદમાં સહસ્ત્ર-ફણાની પ્રતિષ્ઠા વખતે તથા સમવસરણની પ્રતિષ્ઠા વખતે હાજર હતા. તેમજ લીમડીના દેરાસરના મૂલ નાયકની બે બાજુએ બે દેરીઓની પ્રતિષ્ઠા તેમણે કરાવી હતી. ઉપલબ્ધ સાહિત્ય આટલું જણાવે છે. બાકી અન્ય સ્થળની પ્રતિષ્ઠાઓ કે જે અપ્રકટ છે તેવી અપ્રસિદ્ધ અનેક હોવા સંભવ છે.

**શ્રીમદ્‌ની મહત્તા, પ્રતિષ્ઠા તથા વિદ્વત્તા.**

શ્રીમદ્ જૈન આગમોના પારગામી હતા. તેમણે અનેક સ્થળોના વિદ્વાન શ્રાવકોએ પુછેલા દ્રવ્યાનુયોગ જેવા ગહન વિષયોના પ્રશ્નોના ઉત્તરો સરલપણે સત્વર અને સંતોષકારક રીતે આપ્યા છે. પ્રશ્નોત્તર નામે શ્રીમદ્‌નો ગ્રંથ તેની સાક્ષી પૂરે છે. તે સમયના વિદ્વાનોમાં તેમની મહત્તા, પ્રતિષ્ઠા તથા વિદ્વત્તા ઘણી સારી રીતે વિસ્ત-રેલાં હતાં. ખરતર ગચ્છમાં તે વખતે તેમના સમાન કોઇ વિદ્વાન હોય, એમ તત્કાલીન ગ્રંથો અવલોકતાં અવબોધાતું નથી. તપાગચ્છના સંવેગી સાધુઓમાં પણ તેમની મહત્તા ઘણી હતી. તેમજ મહત્તામાં વૃદ્ધિ કરનાર આત્મગુણો વડે શ્રીમદ્ વિભૂષિત પણ હતા જ. તપાગચ્છના સંવેગી વિદ્વાનો પૈકી પં. જિનવિજયજી તથા પં. ઉત્તમવિજયજી જેવા પંડિતો–વિદ્વાનો–કવિઓ અને જ્ઞાનીઓના તેઓ વિદ્યાગુરુ હતા. તપાગચ્છ અને ખરતર તથા અંચળગચ્છના વિદ્વાન મુનિવરોમાં ઘણો પ્રેમભાવ હોઇ, શ્રીમદ્‌ની ગુણાનુરાગ–દ્રષ્ટિ–સમભાવ વિદ્વત્તા અને આત્મજ્ઞાનની અદ્દ્‌ભુતતાને લીધે સર્વે ગચ્છોના સાધુઓમાં તેમની મહત્તા, પ્રતિષ્ઠા અને વિદ્વત્તાની ખ્યાતિ તેમની હયાતીમાં જ ઘણાં વધ્યાં હતાં. શ્રીમાન પં. પદ્મ-વિજયજી કે જેઓ પંચાવન હજાર ગાથાના રચયિતા પદ્મદ્રહ તરીકે પ્રસિદ્ધ છે તે, શ્રી ઉત્તમ-વિજયજી નિર્વાણ રાસમાં કથે છે કેઃ—

> ખરતર ગચ્છ માંહે થયાંરે, નામે શ્રી દેવચંદરે!
> જૈન સિદ્ધાંત શિરોમણિરે લોલ!
> ધૈર્યાદિક ગુણવૃંદરે! દેશના જાસ સ્વરૂપનીરે લોલ!

ઇત્યાદિથી શ્રીમદ્‌ની વિદ્વત્તાની તથા સાધુ તરીકેની મહત્તાની સ્તુતિ કરી છે. તપા-ગચ્છમાં શ્રી પદ્મવિજયજી પંન્યાસની પ્રતિષ્ઠા ઘણી છે. શ્રીમદ્‌નો તેમણે સંસારીપણામાં (પુંજાશા તરીકે) તથા સાધુપણામાં ઘણો સમાગમ કરેલો હતો. તેઓએ શ્રીમદ્‌નો સ્વાનુભવ કર્યા બાદ શ્રીમદ્‌ને જૈનસિદ્ધાંતશિરોમણિ એવા પદથી નિવાજ્યા છે તથા ધૈર્યાદિકગુણના વૃંદ તરીકે પ્રકાશી, તેમની દેશના (ઉપદેશ) સ્વ–રૂપની અર્થાત્ આત્મસ્વરૂપને પ્રકાશનારી છે, એમ પ્રતિપાદન કર્યું છે. સંવેગપક્ષિ મણિશેખર પં. પદ્મવિજયજી જેવા મહાન્ વિદ્વાન અને ગુણાનુરાગીએ શ્રીમદ્‌ની પ્રતિષ્ઠા–વિદ્વત્તા અને મહત્તાની આ રીતે વિશ્વમાં અમર ખ્યાતિ કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**એક પૂર્વનું જ્ઞાન.**

શ્રી જ્ઞાનસારજીએ સાધુપદ સજ્ઝાયના ટબામાં જણાવ્યું છે કે શ્રીમદ્દને એક પૂર્વનું જ્ઞાન ( અતિ ઉંચ કોટિનું-દિવ્ય જ્ઞાન ) હતું. આ પરથી શ્રીમદ્દની મહત્તા-પ્રતિષ્ઠા ને વિદ્વત્તા સર્વમાન્ય હતાં એ સ્પષ્ટ થાય છે.

**સમકાલીન જૈન સાક્ષર મુનિઓ.**

શ્રીમદ્દના સમકાલીન સાક્ષર કવિ પંડિત મુનિવરોમાં ભારતવર્ષના મહા સમર્થ વિદ્વાન મહામહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી, કે જેમના જેવા ભક્ત-કવિ-જ્ઞાની-કર્મયોગી મહાત્મા વિરલ જ થયા હશે, તેઓ મુખ્ય છે. તેઓ જૈન કોમમાં સર્વમાન્ય ધર્મધુરંધર અને સર્વ અનુયોગમાં ગીતાર્થ હતા ( જેમનું જીવન તથા ગુર્જર સાહિત્ય એ નિબંધ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ શ્રી ચોથી ગુર્જર સાહિત્ય પરિષદ્‌માં રજુ કર્યો હતો. ) તેમણે માત્ર ન્યાય એ વિષય ઉપર જ ૧૦૮ ગ્રંથો રચ્યા છે અને એકંદર બે લાખ શ્લોકના જે રચયિતા હતા. તદુપરાંત બીજા શ્રી જ્ઞાનવિમળસૂરિ, જેમની અનેક કૃતિઓ વિદ્યમાન છે, તથા શ્રી જિનવિજયજી તથા શ્રી પદ્મવિજયજી તથા શ્રી વિનયવિજયજી જે શ્રીપાલ રાસ જેવા મહારાસના કર્તા, કલ્પસૂત્રની સુખબોધિકા ટીકાના રચયિતા, શત્રુંજયસ્તવન તથા શાંતસુધારસ ગ્રંથના પ્રણેતા; તથા ચંદરાજાના રાસના કર્તા શ્રી મોહનવિજયજી તેમ જ ઘણું કરીને મહાન્ આત્મજ્ઞાનદિવાકર શ્રી આનંદઘનજી, તથા પંડિતપ્રવર કવિરત્ન ઉદયરત્નજી જેવા મહા પ્રખર સાક્ષર વિદ્વાનો શ્રીમદ્દના સમકાલીન હતા, જેમની અદ્દભુત કૃતિઓથી જૈન તેમ જ જૈનેતર સમાજ વર્તમાનકાળે પણ મુગ્ધ છે. આ પૈકી ઘણાખરાને શ્રીમદ્ સાથે બહુ સારો સમાગમ હતો એમ સંભવે છે, ને કેટલાક વિદ્વાનોને તો શ્રીમદે અધ્યયન કરાવેલ હતું.

શ્રીમદ્ અને સમકાલીન મુનિરત્નોએ ગુર્જર સાહિત્યને ઘણી જ સુંદર રીતે પોષ્યું છે. ગુર્જર ભાષામાં અનેક ચિરંજીવ અદ્દભુત રાસાઓ, ઢાળો, સ્તવનો, અધ્યાત્મજ્ઞાનના તથા વૈરાગ્યના રસિક ગ્રંથો તથા સંસ્કૃત માગધી ભાષાના ગ્રંથોપર સરળ વિવેચનો યા ભાષાંતરો કરી તથા લખી ગુર્જર સાહિત્યને ઘણું જ પોષ્યું છે, અને આ સત્ય ગુર્જરગિરાના ઉપાસકોથી અજ્ઞાત નથી જ, તે આ કૃતિઓ વાંચ્યાથી તે પ્રતીત પણ થશે.

**સમકાલીન વિદ્વાનોનાં મિલન.**

શ્રીમદ્ યશોવિજયજી મહારાજના સમાગમમાં શ્રીમદ્ આવ્યા હોય એમ ચોક્કસ લાગે છે. ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી સં. ૧૭૪૫ લગભગ સુધી જીવતા હતા અને શ્રીમદ્ તેઓશ્રીના સમાગમમાં આવ્યાથી તેમનું આત્મજ્ઞાન તરફ લક્ષ ગયું હોય એમ અનુમાન થાય છે અને તેથી જ તેમણે શ્રીમદ્ યશોવિજયજીકૃત જ્ઞાનસાર પર જ્ઞાનમંજરી ટીકા લખી હોય, ને શ્રી યશોવિજયજીની વિચારમાળાની પુષ્ટિ કરી હોય એમ સંભવે છે. પાટણમાં શ્રીમદ્ જ્ઞાનવિમલસૂરિ જોડે શ્રીમદ્દનો સમાગમ થયેલો પ્રતિત થાય છે. પં. જિનવિજયજીને શ્રી જ્ઞાનવિમલસૂરિએ ભગવતી વંચાવ્યું હતું અને તે સાલ લગભગ શ્રી જિનવિજયજીને શ્રીમદે વિશેષાવશ્યક વંચાવ્યું હતું, તેથી પાટણમાં બન્ને વિદ્વાનોનો સમાગમ સંભવે છે. શ્રીમદ્ અને જ્ઞાનવિમલસૂરી બન્નેએ મળી આનંદઘન ચોવીશીનાં છેલ્લાં બે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવનો રચ્યાં હતાં. શ્રીમદ્ યશોવિજયને શ્રીમદ્ આનંદઘનજીનો સમાગમ થવા હતો. સંભવ છે કે શ્રીમદ્નો સમાગમ પણ આ દ્વારા શ્રીમદ્ આનંદઘનજી સાથે થયો હોય.

**શ્રીમદ્ની કૃતિઓ.**

શ્રીમદ્ની અપૂર્વ રસસાગરથી છલકાતી અનેક કૃતિઓ વિશ્વમાં વિદ્યમાન હશે, પણ આપણે તો ઉપલબ્ધ થયેલ કૃતિઓ સિવાય અન્ય કૃતિઓથી તદ્દન અજ્ઞાત જ ગણાઇએ. ઉપલબ્ધ થએલી ઉત્તમ કૃતિઓ નીચે પ્રમાણે છે:—

| પુસ્તકનું નામ. | રચ્યાનો સંવત | ક્યાં રચી. | પ્રત ક્યાંથી મળી. |
|---|---|---|---|
| ૧ અષ્ટ પ્રકારી પૂજા | ૧૭૪૩ | ... | પાદરા ભંડારમાં |
| ૨ એકવીશ પ્રકારી પૂજા | ,, | ... | |
| ૩ ધ્યાનદીપિકાચતુષ્પદી | ૧૭૬૬ વૈ. વ. ૧૩ | મુલતાન (પંજાબ) | આચાર્ય શ્રી વિજયકમલસૂરિ (મૂ. મ.) ઘોરાજી ભંડાર. |
| ૪ દ્રવ્ય પ્રકાશ. | ૧૭૬૭ પો. વ. ૧૩ | વિકાનેર | અમદાવાદ વિદ્યાશાળા જ્ઞાન ભં. તથા પં. લા. વિ. |
| ૫ આગમસાર. | ૧૭૭૬ ફા. શુ. ૩. | મોટા કોટમરોટ. | પાદરાના ભંડારમાંથી બે પ્રતો. સુરત શ્રી મોહનલાલજી મહારાજના ભંડારમાંથી તથા મુનિલાભ વિ. |
| ૬ નયચક્ર | ... | ... | ...સુરત શ્રી મોહનલાલજીના ભંડારમાંથી. |
| ૭ વિચાર સાર. | ૧૭૯૬ કા. શુ. ૧ | નવાનગર | (જામનગર) શ્રી અમરચંદજી બોથરા માર્ફતે શ્રી જિનયશસૂરિ પુ. ભંડાર. |
| ૮ જ્ઞાનમંજરી ટીકા. | ૧૭૯૬ કા. શુ. ૫ | નવાનગર | ,, જુની બે પ્રતો સુરત મોહન લાલજી ભંડાર. બીજી એક છપાયેલ પ્રત હમણાં જ મળી. |
| ૯ વિશવિહરમાન વીશી | ... | ... | પાલીતાણા |
| ૧૦ સિદ્ધાચળ સ્તવન. | ૧૮૦૪ મા. શુ. ૧૩ | | ,, |
| ૧૧ ગુરુગુણષટ્ત્રિંશીનો ટબો | ... | ... | ... પં. ગુ. વિ. પાસેથી ભોજક. ગિ. હે. મેળવી આપી. |
| ૧૨ પાંચ કર્મગ્રંથનો ટબો | ... | ... | ... પં. ગુલાબવિજયજી પાસેથી ભોજક ગિરધરભાઇ હેમચંદે મેળવી આપી. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૧૩ વિચારરત્નસાર | ( પ્રશ્નોત્તર ૩૫ ) | | પ્રવર્તક શ્રી કાં. વિ. ૧. અમદાવાદ શાંતિસાગરજી ભંડાર ૧ મુનિ. લા. વિ. |
| ૧૪ પ્રશ્નોત્તર | ... | ... | શ્રી કાંતિવિજય પાસેથી |
| ૧૫ કર્મ સંવેદ્ય | ... | ... | અમદાવાદ ડેહેલાના ઉપાશ્રયેથી જવેરી ભો. તા. |
| ૧૬ પ્રતિમા પુષ્પ પૂજા સિદ્ધિ | ... | ... | પાદરાના ભંડારમાંથી તથા સુરતના ભંડારમાંથી તથા લાભવિજયજી પાસેથી મળી. |
| ૧૭ ગુણસ્થાનક અધિકાર. | ... | ... | |
| ૧૮ અધ્યાત્મગીતા | ( પ્રાયઃ ૧૭૪૩ ) | લીંમડી. | ૨ પ્રતો સુરત મોહનલાલજી મહારાજના ભંડારમાંથી. |
| ૧૯ વર્તમાન ચોવીશી. | ... | ... | પ્રવર્તક શ્રી કાં. વિ. |
| ૨૦ અતીત ચોવીશી પૈકી એકવીશી | ... | ... | ... |
| ૨૧ સ્નાત્રપૂજા. | ... | ... | પાદરા ભંડારમાંથી |
| ૨૨ નવપદ પૂજા ઉલાળા | ... | ... | |
| ૨૩ વીર નિર્વાણનાં સ્તવનની ઢાળો. | | ભાવનગરમાં. | અમદાવાદ વિદ્યાશાળાના ભંડારમાંથી ભો. ગિ. હે. |
| ૨૪ બાહુજિન સ્તવન અને ટબો. | ... | ... | અમદાવાદ ડેલાના ઉપાશ્રયેથી. |
| ૨૫ ભાવિ ચોવીશી પૈકી પદ્મનાભજિન સ્તવન | ... | | ...શ્રી. અમરચંદજી બોથરાજી તથા ભોજક ગિરધર હેમચંદજી. |
| ૨૬ શ્રી સીમંધર જિન સ્તવન. | ... | ... | ભોજક ગિ. હે. |
| ૨૭ દીવાળીનું સ્તવન લઘુ. | ... | ... | પાદરા ભંડારમાંથી |
| ૨૮ નવાનગર આદિજિન સ્તવન. | ... | ... | |
| ૨૯ ધ્રૂ૦ પદ સ્તવન | ... | ... | |
| ૩૦ સમવસરણ સ્તવન | ... | ... | શ્રીમાન્ અમરચંદજી બોથરાજી. |
| ૩૧ કુંભ સ્થાપના | ... | ... | |
| ૩૨ સહસ્રકૂટ સ્તવન. | ... | ... | ભો. ગિ. હે. |
| ૩૩ અજિતનાથજિન હોરી. | ... | ... | હોરી સંગ્રહમાં છપાયેલું. |
| ૩૪ પ્રભુ સ્તુતિ... | ... | ... | શ્રીયુત અમરચંદજી બોથરાજી તરફથી. |
| ૩૫ સિદ્ધાચળ સ્તુતિ | ... | ... | |
| ૩૬ ગિરનાર સ્તુતિ | ... | ... | |
| ૩૭ વિંશસ્થાનક સ્તુતિ | ... | ... | |
| ૩૮ જ્ઞાન બહુમાન સ્તુતિ | ... | ... | |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૩૯ ૪૦ ૪૧ | સિદ્ધાચળ સ્તવન ... ... ... | પાદરા ભંડારમાંથી |
| ૪૨ | બડી સાધુ વંદના ... ... ... | શ્રીઅમરચંદજી બોથરાજી. |
| ૪૩ | અષ્ટપ્રવચનમાતાની સજ્ઝાય જામનગર | છપાય છે. |
| ૪૪ | પ્રભંજનાની સજ્ઝાય લીમડી | છપાય છે. |
| ૪૫ | ઢંઢણ ઋષિની સજ્ઝાય ... ... | છપાય છે. |
| ૪૬ | સમકિતની સજ્ઝાય ... ... ... | છપાય છે. |
| ૪૭ | ગજસુકુમાળની સજ્ઝાય ... ... ... | છપાય છે. |
| ૪૮ | પંચેદ્રિય વિષય ત્યાગ પદ ... ... | શ્રીયુત્ અ. બોથરાજી. |
| ૪૯ ૫૦ ૫૧ | ત્રણ કાગળ ( લખેલા પત્રો ) ... ... | બે આત્માનંદ પ. માં છપાયેલા એક શ્રી કાં. વિ. મહારાજ. |
| ૫૨ | સાધુ સ્વાધ્યાય તેના પર જ્ઞાનસારનો ટબો | |
| ૫૩ | સજ્ઝાય ... ... ... | આચાર્યશ્રી અજીતસાગરજી |
| ૫૪ | સાધુની પંચભાવના ... ... ... | |
| ૫૫ | શ્રીઆનંદઘનજી ચોવીશીમાં જ્ઞાનવિમળજી અને શ્રીમદે ભેગા થઇ બનાવેલાં ૨૩–૨૪ મા પ્રભુનાં સ્તવનો. જેસલમેર. | |
| ૫૬ | આજકો લાહો લીજીયે ( પ્રાયઃ શ્રીમદ્‌ની કૃતિ જણાય છે. ) | |
| ૫૭ | રત્નાકર પચ્ચીશીના અનુવાદરૂપ સ્તવન. | |

શ્રીમદ્‌ના વિશ્વોપકારક ગ્રંથો માટે યોગનિષ્ઠ અધ્યાત્મજ્ઞાનદિવાકર આચાર્યશ્રી શ્રીમદ્ બુદ્ધિસાગરજી ( વર્તમાન કાળે વિદ્યમાન ) સૂરીશ્વરજીની લાંબી પ્રશસ્તિમાંથી બે શ્લોકો અત્ર ટાંકવા ઇષ્ટ છે.

आत्मोद्गारामृतं यस्य, स्तवनेषु प्रदृश्यते
त्रिविधतापतप्तानां, पूर्ण शांति प्रदायकम् ॥ ४ ॥
आत्मशमामृतास्वादी, शास्त्रोद्यान विहारवान्
यत्कृत शास्त्रपाथोधौ, स्नानं कुर्वन्ति सज्जनाः ॥ ६ ॥
देवचन्द्र कृत ग्रन्थान्, स्तुवेऽहं भक्तिभावतः
अमृतसागरा यत्र, विद्यन्ते सुखकारकाः ॥ ३३ ॥
आचार्य श्रीमद् बुद्धिसागरसूरि.

**શ્રીમદ્‌ની આત્મદશા.**

શ્રીમદ્‌ના ગ્રંથો પરથી તેમની ઉચ્ચ પ્રકારની આત્મદશાની સહજ પ્રતીતિ થાય છે. તેઓ વ્યવહારમાં સ્થિર હતા, તેમ જ નિશ્ચયમાં વિશેષ સ્થિર હતા. તેમણે પોતાના સ્તવનોમાં પ્રભુભક્તિ પ્રસંગે અટલ–ઉભરાતી ભક્તિભર્યા ઉદ્‌ગારો કાઢયા છે. કોઇ પણ ભક્ત, હૃદયના ઉદ્‌ગારો, નિરંકુશ-સ્વતંત્ર રીત્યા વિશ્વસન્મુખ રજુ કરે છે. હૃદયના ઉદ્‌ગારોમાં કૃત્રિમતા હોતી નથી પરંતુ નૈસર્ગિક આત્મદશાના ઉભરાઓ જ હોય છે. કવિતા એ કવિના હૃદયનો અરીસો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તની સ્તવના એ જ ભક્તનું હૃદય છે, જ્ઞાનીના ગ્રંથો એ જ્ઞાનીનું અભ્યંતર જીવન છે. ભક્તિભર્યાં ઉદ્‌ગારો વહેવરાવતાં તેમાં આત્મદશાની ખરી ખુમારીની છાંટ છંટાયા સિવાય રહેતી નથી. આત્માના સુખનો અનુભવરસ પીધાથી તેમને બાહ્ય વિષયરસ તે રસ તરીકે ભાસતો જ નથી. આત્માને શુદ્ધાનુભવરૂપ આનંદ રસ પ્રાપ્ત થયા વિના અને બાહ્ય કામનો રસ નષ્ટ થયા વિના અંતર્મુખ વૃત્તિ થતી નથી. આત્મા પોતાના સ્વભાવમાં દેહાધ્યાસન નાશપૂર્વક પ્રવૃત્તિ કરે છે ત્યારે જ આત્મસુખનો અનુભવ થાય છે. શ્રીમદ્‌ને એવી ઉત્તમ જ્ઞાન દશા પ્રકટ થઇ હતી અને એવી દશામાં અવધૂત બનેલા હતા કે તે પ્રસંગે બહાર પડેલા ઉદ્‌ગારોમાં આત્મદશાની ખુમારી નીતરી રહી છે. તેઓ લીમડીના દેરાસરના ભોંયરામાં કલાકો પર્યંત ધ્યાનમગ્ન થઇને બેસી રહેતા. શુદ્ધોપયોગમાં તલ્લીન તેમ જ આત્મસમાધિમાં મગ્ન રહેતા. તેમણે સવિકલ્પ સમાધિ ઉપરાંત નિર્વિકલ્પ સમાધિનો અપૂર્વ રસ પણ ઝીલ્યો હતો, અને પોતે દેહાતીત દશામાં વર્તતા હતા. તેથીજ તેઓશ્રીએ શુદ્ધોપયોગના તાનમાં સ્તવનોની અંદર આત્મદશાનો અમૂલો રસ રેલ્યો છે. જેટલા પ્રમાણમાં આત્મદશા પ્રકટી હોય તેટલાજ પ્રમાણમાં ઉદ્‌ગારો પ્રકટે છે અને આમ છતાં પણ તેમની રચનામાં ગુર્જર સાહિત્યનો સરસર વહેતો વહેળીઓ વહ્યોજ જાય છે. શ્રીમદ્‌નું પુસ્તકોમાં ભરેલું સાહિત્ય એ જ તેમનું આંતર જીવન છે.

શ્રીમદ્‌નાં પ્રભુસ્તવનોમાં આત્મદશાના ઉદ્‌ગારોમાંથી થોડાક જોઇએ—

" આરોપિત સુખ ભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ;
સમર્યો અભિલાશીપણો રે, કર્તા સાધન સાધ્ય ॥ આ૦ ॥
ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોક્તા ભાવ;
કારણતા કારજ દશા રે, સકલ ગ્રહ્યું નિજ ભાવ, ॥ આ૦ ॥

\+ \+ \+

તીનભુવન નાયક શુદ્ધાતમ, તત્ત્વામૃત રસ વુઠ્ઠરે;
સકલ ભવિક વસુધાની લાણી, મારૂં મન પીણ તુઠ્ઠરે ॥ આ૦ ॥
મનમોહન જિનવરજી મુજને, અનુભવ પિયાલો દીધોરે;
પૂરણાનંદ અક્ષય અવિચલરસ, ભક્તિ પવિત્ર થઇ પીધોરે ॥ આ૦ ॥
જ્ઞાનસુધા લાલીની લ્હેરે, અનાદિ વિભાવ વિસાર્યો રે;
સમ્યગ્ જ્ઞાન સહજ અનુભવ રસ, શુચિ નિજ બોધ સમાર્યો રે ॥ આ૦ ॥
જિનગુણ રાગ પરાગથી રે, વાસિત મુજ પરિણામ રે;
તજશે દુષ્ટ વિભાવતા, સરશે આતમ કામ રે
જિન ભક્તિરત ચિત્તને રે, વેધક રસ ગુણ પ્રેમ રે;
સેવક જિનપદ પામશે રે, રસ વેધિત અય જેમ રે ॥

× × ×

ભાસ્યો આત્મ સ્વભાવ, અનાદિનો વિસર્યો હો લાલ;
સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રીમદ્દની સંસ્કૃત તથા ગુર્જર ભાષાની વિદ્વત્તા**

શ્રીમદે સંસ્કૃત, પ્રાકૃત, ગુર્જર, તથા હિન્દી ભાષાના રચેલા ગ્રંથોપરથી તેમની ભાષા સંબંધી વિદ્વત્તાનો ખ્યાલ સહેજે આવે તેમ છે. બાળ જીવોને સમજાવવા માટે તેમણે સંસ્કૃત ભાષામાં બહુ સરળતાએ રચના કરી છે. જેમ બને તેમ ભાષામાં કિલષ્ટતા પ્રૌઢતા, દુરવગાહતા આવવા દીધી નથી. દ્રવ્યાનુયોગના વિષયમાં સામાન્ય સંસ્કૃત જાણનારાઓ પણ રસ લઇ શકે તેવો પ્રયત્ન તેમાં સ્પષ્ટ જણાય છે. જ્ઞાનમંજરી ટીકા તથા વિચારસાર ટીકાદિથી તેમણે સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચવા માટે યથાયોગ્ય પ્રવૃત્તિ કરી જૈન કોમની અને સંસ્કૃત સાહિત્યની ભારે સેવા ઉઠાવી છે. કેટલાક આધુનિક સંસ્કૃત ભાષાજ્ઞ મુનિવરોનો એવો મત છે કે શ્રીમદ્દ સંસ્કૃત ભાષાના પ્રૌઢ વિદ્વાન નહોતા પણ અમે એમાં એટલું સુધારીશું કે-શ્રીમદે દ્રવ્યાનુયોગાદિ ગહન વિષયોને સાદી સંસ્કૃત ભાષામાં બાળજીવોને સમજાવવાપર ખાસ લક્ષ દીધું છે તેથીજ તેઓએ પ્રૌઢ સંસ્કૃત ભાષા વાપરી નથી. તેમજ ભાષા દ્વારા વિદ્વત્તા દેખાડવા તરફ તેમનું બીલકુલ લક્ષ નહોતું તેજ તેમાં કારણ છે. આત્મજ્ઞાની મહાત્માઓ ભાષાને શણગાર સજાવવા તરફ લક્ષ દેતા નથી. તેઓ તો ભાષા દ્વારા હૃદયના આત્મિક ભાવ જણાવે છે. કવિમાં અને જ્ઞાની ભક્તમાં ભાષાના શણગાર પરત્વે તફાવત રહ્યાજ કરે છે. કવિ ભાષાને શણગાર સજાવવાની ઉપાસના કરે છે અને જ્ઞાની ભાવરસનો ભોગી હોવાથી તે પોતાનું વક્તવ્ય સાદા ભાષામાં જણાવે છે.

સંસ્કૃત ભાષાની પેઠે શ્રીમદે પ્રાકૃત ભાષામાં પણ વિચારસારાદિ ગ્રંથો રચ્યા છે.

શ્રીમદ્દના સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના ગ્રંથોની માફક ગુર્જર ભાષાના ગ્રંથો પણ ઘણો ઉંચો દરજ્જો ભોગવે છે. ગુર્જર ભાષા પર તેમનો કાબુ અદ્વિતીય હતો અને મારવાડ-કચ્છ-સિંધ-આદિ દેશોમાં વિહરવા છતાં ગુર્જર ભાષાપરનો શ્રીમદ્દનો કાબુ અને પ્રેમ તેવાંજ હતાં, અને ગમે તે દેશમાં પણ ગુર્જર ગિરાની તેમની ઉપાસના અખંડિતજ હતી. ગુર્જર સાહિત્યના બળમાં તેમનો પુષ્ટિનો ફાળો ચાલુજ રહ્યો છે અને દ્રવ્યાનુયોગ જેવા અતિ ગહન વિષયોને તેમણે ચોવીશી વગેરે પદ્ય ગ્રંથોમાં એવી સાદી ને સુન્દર રીતે ગુંથ્યા છે કે જે વિષયો પહેલાં ગુર્જર ભાષામાં કોઇએ ગુંથ્યા નહતા. શ્રીમદે ચોવીશી પર જાતેજ ટબો ભરીને દ્રવ્યાનુયોગના ગહન જ્ઞાનનો લાભ સરલતાથી જે જૈન કોમને આપ્યો છે તે અતિ ઉપકારક છે. એકંદર શ્રીમદે ગુર્જર ભાષામાં ગદ્યપદ્યમાં જૈન તત્ત્વજ્ઞાનના ગહન ગ્રંથો લખીને ભાષાજ્ઞાનની વિદ્વત્તાની પણ મહત્તા જનસમાજને બતાવી આપી ગુર્જર સાહિત્યને પોષ્યું છે. ભાષાની-દૃષ્ટિએ વાચકો તેમાંથી ભારે લાભ મેળવી શકશે. સંસ્કૃત પ્રાકૃત ભાષામાં ગ્રંથો રચીને શ્રીમદે વિશ્વના ભાષા સાહિત્યની વૃદ્ધિમાં સારો ફાળો આપ્યો છે.

**શ્રીમદ્દની કવિત્વશકિત.**

શ્રીમદે કવિત્વ શક્તિનો ભક્તિમાં વ્યય કર્યો છે. ભક્ત લોકો કવિત્વ શક્તિને ભક્તિના રૂપમાં પરિણમાવે છે. તેઓ અનેક રૂપકોથી પ્રભુનું વર્ણન કરે છે. શ્રીમદે ઉપમાલંકારોને પ્રભુભક્તિના રૂપકોમાં પરિણમાવ્યા છે. તેમણે આધ્યાત્મિક દૃષ્ટિએ મેઘને પ્રભુની ભક્તિમાં રૂપકથી પરિણમાવ્યો છે તે જોઇએ:—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી નમિજિનવર સેવ, ઘનાઘન ઉનમ્યો રે ॥ ઘ૦ ॥
દીઠો મિથ્યા રોર, ભવિક ચિત્તથી ગમ્યો રે ॥ ભ ॥
શુચિ આચરણા રીતિ તે, અભ્ર વધે વડાં રે ॥ અ ॥
આતમ પરિણતી શુદ્ધ, તે વીજ ઝબુકડાં રે ॥ વી ॥ ૧

વાજે વાયુ, સુવાયુ, તે પાવન ભાવના રે ॥ પા ॥
ઇન્દ્ર ધનુષ ત્રિકયોગ, તે ભક્તિ એકમના રે ॥ ભ ॥
નિર્મળ પ્રભુસ્તવ ઘોષ, ધ્વની ઘન ગર્જના રે ॥ ધ્વ ॥
તૃષ્ણા ગ્રીષમ કાળ, તે તાપની તર્જના રે ॥ તા ॥ ૨

શુભ લેશ્યાની આલિ, તે બગ પંકિત બની ॥ બ ॥
શ્રેણિ સરોવર હંસ, વસે શુચિગુણ મુનિ ॥ વ ॥
ચઉગતિ મારગ બંધ, ભવિક નિજ ઘર રહ્યા રે ॥ ભ ॥
ચેતન સમતા સંગ, રંગમેં ઉમહ્યા રે ॥ રં ॥ ૩

સમ્યગ્દષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે ॥ હ ॥
દેખી અદ્ભુત રૂપ, પરમ જિનવરતણું રે ॥ પ ॥
પ્રભુ ગુણનો ઉપદેશ, તે જલધારા વહી રે ॥ જ ॥
ધર્મરુચિ ચિત્ત ભૂમિ, માંહે નિશ્ચળ રહી રે ॥ માં ॥ ૪
ચાતક શ્રમણ સમૂહ, કરે તવ પારણો રે ॥ ક ॥
અનુભવ રસ આસ્વાદ, સકલ દુખ વારણો રે ॥ સ ॥
અશુભાચાર નિવારણ, તૃણ અંકુરતા રે ॥ તૃ ॥
વિરતિ તણા પરિણામ, તે બીજની પૂરતા રે ॥ બી ॥ ૫

પંચ મહાવ્રત ધાન્ય, તણાં કર્ષણ વધ્યાં રે ॥ ત ॥
સાધ્ય ભાવ નિજ સ્થાપી, સાધનતાએ સધ્યાં રે ॥ સા ॥
ક્ષાયિક દર્શન જ્ઞાન, ચરણ ગુણ ઉપન્યા રે ॥ ચ ॥
આદિક બહુ ગુણ સસ્ય, આતમ ઘર નીપન્યા રે ॥ આ ॥ ૬
પ્રભુ દર્શન મહામેહ તણે પ્રવેશમેં રે ॥ ત ॥
પરમાનંદ સુભક્ષ, થયો મુજ દેશમેં રે ॥ થ ॥
દેવચંદ્ર જિનચંદ્ર તણો અનુભવ કરો રે ॥ ત ॥
સાદિ અનંતો કાળ, આતમ સુખ અનુસરો રે ॥ આ ॥ ૭

શ્રીમદ્‌ની ઉપમા આપવાની આધ્યાત્મિક કાવ્યશક્તિ બહુ ઉત્તમ છે. બાહ્ય ભાવોને આધ્યાત્મિક રૂપમાં ગોઠવીને જનસમાજને તે તરફ વાળવા તેમણે કાવ્યશકિતનો ધર્મમાર્ગમાં સદુપયોગ કર્યો છે. શ્રીમદે અલંકારી કાવ્યશકિતનો આધ્યાત્મિક ભાવ પ્રકટ કરી દર્શાવ્યો છે. આવાં અનેક સ્તવનો તથા કાવ્યો રૂપે શ્રીમદ એક ઉચ્ચ કોટિના ગુર્જર કવિ તરીકે સાહિત્ય સૃષ્ટિમાં ઉભા રહે છે, તે પણ આધ્યાત્મજ્ઞાન જેવા મહા વિકટ ને ગહન વિષયમાં, છતાં રસની રેલો રેલાય ને જ્ઞાન પિપાસુઓ ઘન ઘટા જોઈ નાચતા મયરોની માફક આ આસ્વાદી નાચી-ટહુકી ઉઠે એ આશ્ચર્યજનક છે!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રીમદ્‌ની વર્ણનશક્તિ.**

શ્રીમદ જ્યારે પ્રભુ ભક્તિમાં લીન થઇ-મસ્ત બની જાય છે ત્યારે બાહ્ય ભાવોને ભૂલી જાય છે અને પોતે દેહાતીત બની આત્મરમણતામાં રસબસ બની રહે છે. છતાં પ્રભુપ્રેમ ખુમારીના રસીયા એઓશ્રી જ્યારે આત્મપ્રદેશના રસાળ ક્ષેત્રના રૂપકોમાં ક્યારે ક્યારે ભ્રમણ કરી જ્ઞાનપુષ્પો વીણતા અલખ મસ્તીમાં મહાલે છે ત્યારે તેમનાં વચનોમાં વર્ણનશક્તિનો અદ્‌ભુત પ્રાદુર્ભાવ ઉદ્‌ભવે છે. એવાં અનેક ઉદાહરણો પૈકી એક જોઇએ. આમાં શ્રીમદ્ નિજાનંદ મસ્તીનો ફાગ ખેલે છે-ખેલાવે છેઃ

રાગ ફાગ--

આત્મ પ્રદેશ રંગ થલ અનોપમ, સમ્યગ્ દર્શન રંગરે ?
નિજ સુખકે સધઇયા, તું તો નિજગુણ ખેલ વસંત રે ॥ નીજ, ॥
પરપરિણુતી ચિંતા તજી નિજમેં, જ્ઞાન સખાકે સંગ રે ॥ ની. ॥ ૧ ॥
વાસ બરાસ સુરુચિ કેશર ધન, છાંટો પરમ પ્રમોદ રે ॥ ની. ॥
આતમ રમણ ગુલાલકી લાલી, સાધક શક્તિ વિનોદ રે ॥ ની. ॥ ૨ ॥
ધ્યાન સુધારસ પાન મગનતા, ભોજન સહજ સ્વભોગ રે ॥ ની. ॥
રિઝ એકત્વતા તાનમેં વાજે, વાજિત્ર સનમુખ યોગ રે ॥ ની. ॥ ૩ ॥
શુકલ ધ્યાન હોરીકી જ્વાલા, જાલે કર્મ કઠોર રે ॥ ની. ॥
શેષ પ્રકૃતિ દલ ક્ષિરણુ નિર્જરા, ભસ્મ ખેલ અતિ જોર રે ॥ ની. ॥ ૪ ॥
સકલ અજોગ અલેશ અસંગત, નાહિં હોવે સિદ્ધ રે ॥ ની. ॥
દેવચંદ્ર આણામેં ખેલે, ઉત્તમ યુંહિ પ્રસિદ્ધ રે ॥ ની. ॥ ૫ ॥

હવે બીજું ઉદાહરણ—અષ્ટ પ્રકારી પૂજામાં નૈવેદ્યપૂજા—દોહા.

સરસ શુચિ પકવાન ભર, શાલ દાલ ધૃતપૂર ॥
ધરે નૈવેદ્ય જિન આગળે, ક્ષુધા દોષ તસુ દૂર ॥ ૧ ॥
ઢાલ-લપનશ્રી વરઘેવર, મૃદુતર મોતીચૂર ॥
સિંહ કેસરીયા સેવૈયા, દલિયા મોદકપૂર ॥ ૨ ॥
સાકર દ્રાખ સિંગોડા, ભક્તવ્યંજન ધૃતસદ્ય
ધરો નૈવેદ્ય જિન આગળે, જીમ મિલે સુખ અનવદ્ય ॥ ૩ ॥

ચાલે-દેવતાં ભોજ્ય પરભાવ ત્યાગે, ભવિજન નિજગુણુ ભોજ્ય માગે,
અહ્ય ભણી અહ્યતણો સરૂપ ભોજ્ય-આપશો તાતજી જગત્ પૂજ્ય ॥

**પ્રેમલક્ષણા ભક્તિમાં ભાષાપ્રભાવ.**

શ્રીમદ્‌ની પ્રેમલક્ષણા ભક્તિ ઉંચી કોટિની હતી; એ સાથે સાથેજ તેમનો ભાષા પ્રભાવ કેટલો ઉચ્ચ કોટિનો હતો તેની પ્રતીતિ માટેઃ—

રાગ પરભાતી—

હું તો પ્રભુવારી છું તુમ મુખની, હું તો જિન બલિહારી તુમ મુખની !
સમતા અમૃતમય સુપ્રસન્નની, ત્રેય નહિં રાગ રૂખની ॥ હું. ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભ્રમર અધર શિષ ધનુહર કમલદલ, કીર હીર પુનમ શશિની ॥
શોભા તુચ્છ પ્રભુ દેખત થાકી, કાયર હાથે જીમ અસિની ॥ હું. ॥
મનમોહન તુમ સનમુખ નિરખત, આંખ ન તૃપતિ અમચિ ।
મોહ તિમિર રવિ હરચંદ્ર છબી, મૂરત એ ઉપશમચિ ॥ હું. ॥
મીન ચકોર મોર મતંગજ, જલશશિ ધનની ચનથી ।
તિમ મો પ્રતિ સાહિબ સુરતથી, ઔાન ન ચાહું મનથી ॥ હું. ॥
જ્ઞાનાનંદન જાયા નંદન, આશ દાસની યતની ।
દેવચંદ્ર સેવનમેં અહનિશ, રમજો પરિણતી ચિતની ॥ હું. ॥

**શ્રીમદ્‌ની ભક્તિદશા.**

શ્રીમદ્ પરમાત્માના જ્ઞાની ભક્ત હતા. તેમણે હૃદયના પૂર્ણ ભાવથી વાસ્તવિક પરમાત્માના ગુણોનું વર્ણન કર્યું છે: તેમની ભક્તિમાં લઘુતા અને પરમાત્માની પ્રભુતાનું દશ્ય છે. પ્રભુને મળવા માટે પોતે અનેક આશામય સુરમ્ય ભાવનાઓને હૃદય આગળ ખડી કરે છે. શ્રીમદ્‌નાં ભક્તિરસનાં પદો જોઇએ.

હોવત જો તનું પાંખડી, આવત નાથ હઝુર લાલરે ।
જો હોતી ચિત્ત આંખડી, દેખત નિત્ય પ્રભુ નૂર લાલ રે ॥ દે. ॥

× × ×

મીઠી હો પ્રભુ મીઠી સુરત તુજ, દીઠી હો પ્રભુ દીઠી, રુચિ બહુ માનથી જી !
તુજ ગુણ હો પ્રભુ તુજ ગુણ ભાસન યુક્ત,
સેવે હો, પ્રભુ સેવે, તસુ ભવભય નથી જી:

× × ×

ભલુ થયુ મ્હેં પ્રભુગુણ ગાયા, રસનાનો ફળ લીધો રે ।
દેવચંદ્ર કહે મ્હારા મનનો, સકલ મનોરથ સિધો રે ॥ ભ. ॥

× × ×

કડખાની દેશી.

તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજશ લીજે !
દાસ અવગુણ ભર્યો જાણી પોતા તણો !
દયાનિધિ દીનપર કીજે ॥ તાર ॥
રાગ દ્વેશે ભર્યો-મોહવૈરી નડયો,
લોકની રીતિમાં ઘણુંય રાતો;
ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધગુણ નવી રમ્યો,
ભમ્યો ભવમાંહિ હું વિષય માતો ॥ તાર ॥
જગતવત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભૂ ચરણને શરણ વાસ્યો ॥
તારજો બાપજી બિરૂદ નિજ રાખવા.
દાસની સેવાના રખે જોશો ॥ તાર ॥

× ×

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વદનપર વારી હો જશોધર! વદન પર વારી!
મોહ રહિત મોહન જયાકો, ઉપશમ રસ ક્યારી હો!
મોહ જીવ લોહકો કંચન, કરવે પારસ ભારી હો!
સમકીત સુરતરુ વન સેંચનકો, વર પુષ્કર જલધારી હો!

**શ્રીમદ્‌નો પ્રભુપ્રેમ**

શ્રીમદ્ પ્રભુપ્રેમ ખુમારીમાં મસ્ત–લયલીન રહી ઝીલતા તેમના સ્તવનોમાં જણાય છે. એમનું ભકત હૃદય પ્રભુ પ્રેમ હિંચોળે હિંચતું તેમની કૃતિ· ઓમાં સ્પષ્ટ તરે છે:--

ઋષભજીણુંદશું પ્રીતડી, કીમ કીજે હો કરો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અળગા વસ્યા, તિહાં કિણે નહિ હો કોઇ વચન ઉચ્ચાર । ૧ ।
કાગળ પણ પહોંચે નહિ, નવિ પોહોંચે હો તીહાં કો પરધાન,
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાંખે હો કોઇનું વ્યવધાન । ૨ ।

× × ×

પ્રભુ જીવ જીવન ભવ્યના, પ્રભુ મુજ જીવન પ્રાણ!
ત્હારે દર્શન સુખ લહુ, તુહિંજ ગતિ સ્થિતિ જાણુ!

\+ + +

હું ઇન્દ્ર ચન્દ્ર નરેન્દ્રનો, પદ ન માગુ તિલમાત્ર
માગું પ્રભુ મુજ મન થકી, ન વિસરો ક્ષણમાત્ર ॥
જ્યાં પૂર્ણ શુદ્ધ સ્વભાવની, નવી કરી શકું મુજ ઋદ્ધિ ।
તહાં ચરણ શરણ તુમારડી; એહિજ મુંજ નવનિદ્ધિ.

**સંસાર તથા શરીરની અસારતાના ઉદ્‌ગાર.**

શરીરની તથા સંસારની અસારતાનું પૂર્ણ સ્વરૂપ જાણ્યા અને માણ્યા સિવાય શુદ્ધ આત્મસ્વરૂપની ઝાંગી ન જ થાય. આધ્યાત્મ જ્ઞાનીઓનાં શરીર બાહ્ય સંસારથી કયારનાંએ મરી પરવાર્યા હોય છે અને એ શરીરનું ને બાહ્યસંસારનું મૃત્યુ શ્રીમદ્‌ના શબ્દોમાં ટપકતું આપણે જોઇએ:—

ભાવો એકલ ભાવના, સંગ ન કોઇ સંસારો રે!
ઇન્દ્ર ચંદ્ર નાગેંદ્રકો, અંતે નહિ આધારો રે ॥ ૧ ॥

× × ×

એ સંસાર અસાર, સૂર નર નાગકુમાર;
રહી ન શકે પલવાર, તુટે આયુ જિ વાર ॥
ભુવન યમ સાપે ડસ્યારે હાં, બ્હીતા પુરુષ પ્રધાન;
દેવ ઉપાયે નહિં રહે રે હાં, તો નરકે હૈ જ્ઞાન ॥
બાલ વૃદ્ધ ધન નિરધનીરે હાં! જીમ કાયર તિમ સૂર;
મંત્રોષધ સેના સહુરે હાં! જુઠી કાલ હઝુર ॥
હરિહર હળધર રવિશશીરે હાં, દેવ પવન અહિનાથ;
ઇત્યાદિક રાખે નહિં રે હાં! સાહે યમ યદિ હાથ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાસે મૃગલી ચેતનારે હાં! યમ કંઠીરવ નાદ;
તે તું રાખી શકે નહિંરે હાં! તૌ ભોગે કિશો સવાદ ॥
ઇમ અંતક મુષ પાડમેંરે હાં, તિને લોક સમાય ।
કામ ભોગ લાલચ પડયા રે હાં! તે નર દુરગતિ જાય ॥

હવે શરીરની અસારતાના ઉદ્‌ગારઃ—

એહ શરીર જે આપડો રે, વિંટયાક ચર્મ ન હોઇ;
તો માષીકૃમીકતાથી રે, રાખી ન શકે કોઇ રે ॥ ૧ ॥
દેહ અશુચિ રોગે ભરી રે, પતન સરૂપ શરીર;
એહનો ફળ એહજ ગ્રહ્યો રે, ધારો ધર્મ સધીરો રે ॥ ૨ ॥
કેશર અગર ને મૃગમદ રે, હરી ચંદન કર્પુર;
મઇલ ગ્રહે વપુ સંગથી રે, દેહ અશુચિ ભરપુર રે ॥ ૩ ॥
અસ્થિ ચરમ પંજર અછે રે, કુથિત મૃતક સમાન,
જો પાયમ રોગાદિના રે, પ્રીતિ ધરે નહિતાસો રે ॥ ૪ ॥

શ્રીમદ્‌ની વૈરાગ્ય દશાના ઉદ્‌ગારોથી તો ગ્રંથોના ગ્રંથો ભર્યા પડયા છે. આપણે તેમાંની થોડીક વાનગી જોઇએઃ—

**વૈરાગ્ય દશાના ઉદ્‌ગાર**

"દીઠો સુવિધિ જિણંદ, સમાધિ રસ ભર્યો હો લાલ ।
ભાસ્યો આત્મ સરૂપ, અનાદિનો વિસર્યો હો લાલ ।
સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ ।

× × ×

મોહાદિકની ઘુમિ, અનાદિની ઉતરે હો લાલ ।
અમલ અખંડ અલિપ્ત, સ્વભાવજ સાંભરે હો લાલ ।
તત્ત્વરમણ શુચિધ્યાન, ભણી જે આદરે હો લાલ ।
તે સમતા રસ ધામ, સ્વામિ મુદ્રાવરે હો લાલ ।

× × ×

રાગી સંગેરે રાગદશા વધે, થાયે તિણે સંસારોજી
નિરાગીથીરે રાગનું જોડવું, લહીયે ભવનો પારો રે! નેમિ.

× × ×

સહજ ગુણ આગરો, સ્વામિ સુખ સાગરો
જ્ઞાન વૈરાગરો પ્રભુ સવાયો,
શુદ્ધતા એકતા, તીક્ષ્ણતા ભાવથા
મોહ રિપુ જીતી જય પડહ વાયો.

શ્રીમદ્‌ના અંતરમાં વૈરાગ્ય તથા સાધુતા રગે રગે કેટલે દરજ્જે વ્યાપ્ત હશે તે તેઓની વાણી આપણને કહે છે જ. જ્યાં દેહ છતાં દેહાતીત દશા વર્તે, જ્યાં બાહ્ય શરીરને બાહ્ય વિશ્વ મરીજ જાય ત્યાં સાધુને સાધુતા સિવાય શું રહ્યું? આવી સ્થિતિમાં રમતા શ્રીમદે સાધુ દશાની ઉત્કૃષ્ટતાના સ્વાનુભવના ઉદ્‌ગારો આ પ્રમાણે કાઢયા છેઃ—

**સાધુ દશાના ઉદ્‌ગાર**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" જગતમેં સદા સુખી મુનિરાજ, પરવિભાવ પરિણતી કે ત્યાગી.
જાગે આત્મ સ્વભાવ, નિજગુણ અનુભવ કે ઉપયોગી
જોગી ધ્યાન જહાજ ॥
નિર્ભય નિર્મળ ચિત્ત નિરાકુળ, વિલગે ધ્યાન અભ્યાસ.
દેહાદિક મમતા સવિ વારી, વિચરે સદા ઉદાસ. અ:
ભાવે સાધન જે એક ચિત્તથીરે, ભાવ સાધન નિજ ભાવ ॥
ભાવસિદ્ધ સામગ્રી હેતુ તેરે, નિ:સંગી મુનિ ભાવ ॥ સાધક ॥
હેય ત્યાગથી ગ્રહણ સ્વધર્મનોરે, કરે ભોગવે સાધ્ય ॥
સ્વ સ્વભાવ રસીયા તે અનુભવેરે, નિજસુખ અવ્યાબાધ ॥ સાધક ॥
નિ:સ્પૃહ નિર્ભય નિર્મમ નિર્મલારે, કરતા નિજ સામ્રાજ ॥
દેવચંદ્ર આણાયે વિચરતાંરે, નમિયે તે મુનિરાજ ॥ સાધક ॥ "

શ્રીમદ્‌ને સ્વસ્વરૂપની ઝાંખી અવશ્ય થઇ હતીજ, અને એ સત્ય તેમના શબ્દે શબ્દે બોલી ઉઠે છે. સ્વસ્વરૂપની ઝાંખી થયા સિવાય આટલો બધો નિજાનંદ મસ્તીનો ઉછાળો આવેજ નહીં. શ્રીમદ્‌ના આવી દશાના ઉદ્‌ગારો જોઇએ:—

**સ્વસ્વરૂપ ઝાંખીના ઉદ્‌ગાર**

આત્મ ગુણ રક્ષણા તેહ ધર્મ, સ્વગુણ વિધ્વંસણા તે અધર્મ;
ભાવ અધ્યાત્મ અનુગત પ્રવૃત્તિ, તેહથી હોય સંસાર છિત્તિ.
જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ, જ્ઞાન એકત્વતા ધ્યાન ગેહ;
આત્મ તાદાત્મ્યપૂર્ણ ભાવે, તદા નિર્મલાનંદ સંપૂર્ણ ભાવે.
વસ્તુ તત્ત્વે રમ્યા તે નિગ્રંથ, તત્ત્વ અભ્યાસ તિહાં સાધુ પંથ;
તિણે ગિતાર્થ ચરણે રહિજે, શુદ્ધ સિદ્ધાંત રસ તો લહિજે;
આત્મગુણ રમણ કરવા અભ્યાસે, શુદ્ધ સત્તા રસીને ઉલ્લાસે;
દેવચંદ્રે રચી અધ્યાત્મ ગીતા, આત્મરમણિ મુનિ સુપ્રતિતા.
—અધ્યાત્મગીતા.

દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મનારે:
પ્રભુ પ્રભુતા લયલીન.
શુદ્ધ સ્વરૂપી રૂપે તન્મયીરે!
તુમ આસ્વાદન પીન: પૂજના તો કીજેરે;
શુદ્ધ તત્ત્વ રસ રંગી ચેતનારે,
પામે આત્મ સ્વભાવ.
આત્માલંબી નિજ ગુણ સાધતોરે!
પ્રકટે પૂજ્ય સ્વભાવ પૂજનાતો કીજેરે!
જિનવર પૂજેરે તે જિન પૂજનારે!
પ્રકટે અન્વય શક્તિ:
પરમાનન્દ વિલાસી અનુભવે રે!
દેવચંદ્ર પદ વ્યક્તિ:
પૂજના તો કીજેરે!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રીમદ્દનું નિર્વાણ.**

સંવત ૧૮૦૪ સુધી તો શ્રીમદ્ હૈયાત હોઇ પોતાની અમૃત વાણી ને અમૂલ્ય બોધ વડે પૃથ્વિને પાવન કરી રહ્યા હતા, એમ તેમના બનાવેલા સિદ્ધાચળજીના સ્તવન પરથી જણાય છે. તે સમયે તેઓશ્રી લગભગ ૮૪ વર્ષની ઉમ્મરના હોવા જોઇએ. પછીથી સ્થિરતા-વાસ સ્વીકારવો પડયો હોય એમ અનુમાન થાય છે. ૧૮૦૪ બાદ આ સ્થિરતાવાસ પાલી-તાણે થયો સંભવે છે. સિદ્ધાચળ સમાન મહાતીર્થ સ્થાનમાં સમાધિ મરણ કયો સત્પુરુષ ન વાંચ્છે? ત્યાં અનેક મુનિઓએ અનશન કર્યાં છે. જ્યારે વૃદ્ધાવસ્થાનો પૂર્ણ અમલ શ-રીર પર થાય છે ત્યારે છેવટે પરમાત્માનું સ્મરણ ને આત્માના શુદ્ધોપયોગની રમણતા કરવી એ જ શ્રેષ્ઠ છે. શ્રીમદ્ આવીજ સ્થિતિમાં ધ્યાન રાખી શરીર, જાતિ નામ આદિ વિસારી આસક્તિ રહિત બન્યા હતા અને આત્માના શુદ્ધોપયોગના તારેતારમાં લયલીન રહેતા. **अंते समाधि मरणं अभव्वजीवा न पावंति ॥** અભવ્યોને મરણકાળે સમાધિ મરણ પ્રાપ્ત થતું નથી. જેમણે લગભગ ૭૫ વર્ષ જેટલો સમય આત્મજ્ઞાનોપયોગ, આત્મ-ધ્યાન, આત્માનું ચિન્તન, મનન અને આત્મ સમાધિમાં ગાળ્યો હોય, તેને સમાધિમરણ -પંડિતમરણ સુખેથી સાંપડે એમાં સંશય શો? શ્રીમદે અનાદિ અનંત જ્ઞાનરૂપ આત્મજીવન-માં મનને લીન કર્યું હતું અને બાહ્ય દશ્ય પદાર્થોમાં રાગ દ્વેશ પરિણામથી મુક્ત થયા હતા. કર્મયોગી હોવાથી મરણ વખતે શારીરિક દુઃખ સહેવામાં જરા માત્ર કાયર બન્યા ન હતા. પોતે બાળ બ્રહ્મચારી હતા તેથી તેમને આત્મ શુદ્ધોપયોગની રમણતામાં શૂન્યતા આવતી નહોતી અને એમ આત્માની શુભ પરિણતિના એક ધ્યાનમાં, અરિહંત સિદ્ધ, સાધુ અને કેવળી શરણ સ્વીકારીને પરમેષ્ટી મહામંત્રના ધ્યાનમાં બાહ્ય પ્રાણોનો ત્યાગ કરી શુભ ગતિ વિષે ચાલ્યા ગયા અને જૈન સમાજ અને ભારતવર્ષના એક મહાન ધર્મપ્રભાવક આત્મજ્ઞાની સાહિત્યરસિક કવિરત્નની ખોટ ભારતવર્ષને દેતા ગયા. તેઓ ગયા પણ તેમનો અક્ષર દેહ–તેમનાં પુસ્તકો સદ્ભાગ્યે વિદ્યમાન છે. ગુર્જર સાહિત્યના પરમ પોષકનાં એ અમોઘ તત્ત્વો અમને મુગ્ધ કરી મુકે છે તો તેઓ પોતે સદેહે કેવા હશે?

**શ્રીમદ્દનો મહાવિદેહ ક્ષેત્રમાં કેવળી તરીકે અવતાર**

શ્રીમદ્ અધ્યાત્મજ્ઞાની આત્મશુદ્ધોપયોગી દેવચંદ્રજી મહારાજ હાલમાં મહાવિદેહક્ષેત્રમાં કેવલી તરીકે વિચરે છે, એમ અનેક મનુષ્યોના મુખે કિંવદંતી તરીકે શ્રવણ કર્યું છે. સાંભળવા પ્રમાણે શ્રીમદ્દના રાગી એક અધ્યાત્મજ્ઞાની શ્રાવકે પાટણમાં મહાન તપ કર્યું હતું; તે તપના પ્રભાવે ભુવનપતિ દેવે તેમને સાક્ષાત્ દર્શન આપ્યું હતું; તે વખતે તે શ્રાવકે ભૂવનપતિ દેવને શ્રીમદ્ કઇ ગતિમાં ગયા એ પ્રશ્નના ઉત્તરમાં, દેવે કહ્યું કે "શ્રીદેવચંદ્રજી મહાવિદેહક્ષેત્રમાં જન્મ્યા છે, અને હાલ કેવળજ્ઞાની તરીકે વિચરે છે અને અનેક ભવ્યજીવોને દેશના દઇને તારે છે." અમદાવાદમાં સારંગપૂર તળીયાની પોળમાં આત્મજ્ઞાની ધ્યાની પરમ વૈરાગી **श्री मणिचन्द्रजी** નામના યતિ સાધુ હતા. તેમણે 'આતમરામેરે મુનિરમે' વિગેરે અપૂર્વ વૈરાગ્યમય સજ્ઝાયો પદ રચ્યાં છે. તેઓ મહા તપસ્વી હતા. તેમના તપ પ્રભાવે તેમની પાસે ધરણેન્દ્રે સાક્ષાત્ દર્શન દીધું, અને **मणिचन्द्रजी**ને શાતા પુછી. **मणिचन्द्रजी**ને રક્તપીત્તનો મહા ભયંકર રોગ હતો, તે દર્દથી પીડાતા હતા. દેવે **मणिचन्द्रजी**ને વરદાન માગવાનું કહેતાં–તેમણે કાંઇજ માગ્યું નહિ. દેવે તેમનો રોગ ટાળવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનંતી કરી પણ તેમણે ના કહી, અને કહ્યું કે, તે રોગ ભોગવ્યા વિના છૂટકો નથી; કર્યો કર્મ ઉદયમાં આવે છે તેનું લ્હેણું રોગ ભોગવીને આપવું જોઇએ. પ્રારબ્ધ કર્મ તો શ્રી તીર્થંકર ભગવાનને પણ ભોગવવાં પડે છે તો મારે પણ ભોગવવાં જ જોઇએ, કે જેથી પરભવમાં કર્મનું લ્હેણું દેણું રહે નહીં. શ્રી **मणिचंद्रजीએ** શ્રી ધરણેંદ્રને શ્રીમદ્‌ની ગતિ વિષે પૂછતાં ધરણેન્દ્રે કહ્યું કે શ્રીમાન દેવચંદ્રજી હાલમાં મહા વિદેહ ક્ષેત્રમાં કેવલી તરીકે વિચરે છે, શ્રી આનંદઘનજીની ગતિ વિષે પુછતાં, તેઓને એકાવતારી જણાવ્યા હતા અને શ્રીમદ્ યશોવિજયજીને પણ એકાવતારી જણાવ્યા હતા. એ વૃદ્ધ શ્રોતા શ્રાવકે અમને એ પ્રમાણે કિંવદન્તી પરંપરાથી ચાલતી આવેલી કહી હતી તે અત્ર જણાવી છે. કલકત્તામાં રહેનાર આધ્યાત્મજ્ઞાની સુશ્રાવક હીરજીભાઇએ પણ ઉપરના ભાવવાળી કિંવદન્તી કહી હતી પણ વિસ્તારભયથી અત્ર આપી નથી.

**શ્રીમદ્‌નો ચમત્કાર**

શ્રીમદ્‌ના ચમત્કારો સંબંધી અનેક કિંવદન્તીઓ સાંભળવામાં આવે છે. કાશીવાળા મંડળાચાર્ય શ્રી બાલચંદ્ર સૂરિ બહુ વિદ્વાન થઇ ગયા. તેમના સમયમાં તેમની સાથે વિચરનાર ૮૦ વર્ષના એક વૃદ્ધ યતિજી ( વિજાપુર તાલુકે આજોલમાં ) આ સંબંધી ઘણું જાણતા ને કહેતા જાણવામાં આવ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે તેમના નેવું વર્ષના ગુરુજીના સ્વમુખે તેમણે બાલ્યાવસ્થામાં શ્રીમદ્ સંબંધી ઘણી વાતો સાંભળી હતી. તે પૈકી કેટલીક અત્ર દર્શાવવામાં આવે છેઃ—

શ્રીમદે જ્યારે દીક્ષા લીધી ત્યારે તેઓ બાલ્યાવસ્થામાં હતા. તેઓશ્રી એક વખતે કાઉસ્સગમાં હતા ત્યારે એક ભયંકર સર્પ આવ્યો ને શ્રીમદ્‌ના શરીરપર ચઢવા લાગ્યો, ને શ્રીમદ્‌ના ખોળામાં બેઠો. આથી આજુબાજુના લોકો ગભરાવા લાગ્યા પણ શ્રીમદ્ યતકિંચિત પણ ચલાયમાન થયા નહિ. શ્રીમદે કાઉસ્સગ પાળ્યો સર્પ ફૂત્કાર કરતો ખોળામાંથી ઉતરી સામે બેઠો. શ્રીમદે તેને શમતા ભાવનાં વચનો કહ્યાં તે તેણે મસ્તક ડોલાવીને સાંભળ્યાં. આવી સ્થિતિ જોઇને અન્ય સાધુઓ શ્રીમદ્‌ને પ્રશંસી—ખરા હૃદયથી તેમના ધૈર્યને વખાણવા લાગ્યા તથા કહેવા લાગ્યા કે શ્રીમદ્‌માં આત્માની નિર્ભય દશા પ્રાપ્ત થઇ છે. શ્રીમદ્ બાલ્યાવસ્થામાં એક દિવસમાં બસો શ્લોક મુખપાઠ કરતા અને વિસરી જતા ન હતા.

**શ્રીધરણેંદ્રનું બ્રાહ્મણસ્વરૂપે વ્યાખ્યાન સાંભળવા માટે આવાગમન.**

શ્રીમદ્‌ના મોટાકોટમરોટ ( મારવાડ ) ના ચોમાસામાં એક અપૂર્વ ઘટના બની હતી. શ્રીમદ્‌ની દેશના ( વ્યાખ્યાન શૈલી ) અદ્‌ભુત અને આત્મસ્વરૂપની ચાલતી હતી. દરરોજ વ્યાખ્યાનમાં સર્વ દર્શનના હજારો શ્રોતાઓ આવતા હતા. તેમના વ્યાખ્યાનમાં એક વૃદ્ધ બ્રાહ્મણ જેવો મનુષ્ય હમેશાં આવતો હતો. તે કોણ હતો તેની કોઇને ખબર પડતી નહોતી. શ્રીમદ્ મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી કૃત જ્ઞાનસારનું દરરોજ વ્યાખ્યાન કરવામાં આવતું હતું, અને શ્રીમદ્ તેનું અનુભવ પૂર્વક ઉંડા ઉતરીને વ્યાખ્યાન કરતા હતા. તેથી શ્રોતાઓના આત્માઓમાં જ્ઞાનાનંદરસ છલકાઇ જતો હતો. પેલો વૃદ્ધ બ્રાહ્મણ પણ આનંદથી ઉલ્લસિત બની ઉઠતો હતો. તે બોલતો નહોતો તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ કયાં જતો તે કોઇ જાણી કે જોઇ શકતું નહતું. એક વખતે રાત્રે તે બ્રાહ્મણ ઉપાશ્રયમાં આવ્યો ને શ્રીમદ્‌ને વંદના કરી બેઠો. તે વખતે અન્ય સાધુઓ પણ જાગતા હતા. વૃદ્ધ બ્રાહ્મણે જણાવ્યું કે ' હું ધરણેન્દ્ર છું, તમારી આત્મસ્વરૂપની દેશના મ્હેં ચાર માસ સુધી સાંભળી છે. આ વખતે ભરત ક્ષેત્રમાં તીર્થંકરની પેઠે આત્મસ્વરૂપની વ્યાખ્યા તમે કરો છો તેથી હું ઘણો પ્રસન્ન થયો છું. ધરણેન્દ્રે શ્રીમદ્‌ને કાંઇક માગવાનું કહેતાં શ્રીમદે અનંત દુઃખનો નાશ કરનાર અને સુખને પ્રકટાવનાર આત્માના શુદ્ધોપયોગ વિના અન્ય વસ્તુની ચાહના રહી નથી એમ સ્પષ્ટ જણાવ્યું. આ સાંભળી ધરણેન્દ્રે તેમને ધન્યવાદ આપ્યો. ધરણેન્દ્રે સર્વ સાધુને પોતાની પ્રતીતિ થવા માટે એકદમ ઉત્તર વૈક્રિય શરીર પ્રકટ કરી બતાવતાં સર્વની આંખો અંજાઇ ગઇ. આથી સાધુઓને શ્રીમદ્ મહા પુરુષ છે અને તેમનાં વચન આરાધ્ય છે એવો નિશ્ચય થયો. મહાત્માઓ દેવતાઓને આરાધતા નથી તોપણ તેમના જ્ઞાન-ગુણથી ખેંચાઇ તેઓ સ્વયં તેમની પાસે આવે છે. આધ્યાત્મજ્ઞાની મહાત્માઓમાં અનેક પ્રકારની લબ્ધિઓ ( સિદ્ધિઓ ) પ્રકટે છે તેમાં કાંઇ આશ્ચર્ય સરખું નથી.

**શ્રીમદ્‌ને શાંત થઇ પગે લાગેલો સિંહ.**

શ્રીમદ્ એક વખત પંજાબ તરફ વિહાર કરતા હતા. પર્વતની પાસે થઇને જવાનો રસ્તો હતો. પર્વતની નીચે એક સિંહ બેઠેલો હતો, ને ઘણી વખત ત્યાંથી પસાર થનાર પ્રવાસીઓને તે ખાઇ જતો. શ્રીમદ્ ત્યાંથી જવા લાગ્યા ત્યારે ઘણા લોકોએ તેમને ત્યાં થઇને જવા ના કહી, પણ તેઓશ્રી પાછા વળ્યા નહિ અને જણાવ્યું કે ' મારે સમસ્ત વિશ્વના પ્રાણી માત્ર ઉપર મૈત્રીભાવ છે, માટે ભય શો ? ' તેઓ તત્પશ્ચાત જ્યાં સિંહ બેઠો હતો ત્યાં થઇને જવા લાગ્યા. આ વખતે આવો પ્રસંગ જોઇ ઘણા ગૃહસ્થો પણ સાથે જ રહ્યા હતા. પેલા સિંહ પાસે શ્રીમાન્ આવી પહોંચ્યા ને તેમને જોઇ સિંહ બરાડી ઉઠયો અને શ્રીમદ્‌ની પાસે આવી તેમના પગે પડી સામે ઉભો રહ્યો. શ્રીમદે તેને કરુણ-દ્રષ્ટિએ શાંત કર્યો; તે પછી તે ચાલ્યો ગયો. પાછળ આવનાર ગૃહસ્થો આ દૃશ્ય જોઇ આશ્ચર્યચકિત થઇ ગયા. **अहिंसा धर्म प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः** આ મહાન્ સૂત્ર સત્ય થયું અને ખરેખર જ મહાનુભાવના વૈર રહિત અને વિરક્ત પણ કરુણાથી ભરેલા હૃદયની છાપ તેમના પ્રશાંત મુખ પર છવાય છે ને સાત્ત્વિક ભાવ ભર્યા મહાત્માઓની સાત્ત્વિકતા-પવિત્રતાની પાસે આસુરી ભાવવાળાં પ્રાણીઓ પણ સાત્ત્વિક બની શાંત થઇ જાય છે જ.

**જામનગર જૈન દેરાસરનાં તાળાં તુટયાં.**

પૂર્વે જામનગરમાં મુસલમાનોનું જોર ઘણું વધી ગયું હતું અને તેથી ત્યાંના એક જૈન દેરાસરનું ભોંયરૂં ખોલી તેમાં તમામ પ્રતિમાઓ ભંડારવામાં આવી હતી. મુસલમાનોએ જબરીથી તે દેરાસરનો કબજો લઇ મસીદ તરીકે તેનો ઉપયોગ કરવા માંડયો હતો. કેટલોક વખત વીત્યે મુસલમાનોનું જોર ઘટયે, અને હિન્દુ રાજ અમલમાં જૈનોએ આ મંદિરનો કબજો મેળવવા રાજા પ્રત્યે ફરિયાદ કરતાં કાંઇ ન વળ્યું. બાહ્યથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ને અંદરથી આ જૈનમંદિર હતું એમ અઢારે વર્ણ કબુલ કરતી હતી છતાં ચમત્કાર વિના નમસ્કાર થાય તેમ ન હતું. એવામાં શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ ત્યાં આવી પહોંચ્યા. તેમણે રાજા સમક્ષ તે જૈન દેરાસર હતું એવું તથા મુસલમાનોએ મસીદ હોવાનું સાબીત કરવા પ્રયત્ન કર્યો. છેવટે રાજાએ ઠરાવ કર્યો કે દેરાસરને તાળાં લગાવવામાં આવે અને જે પોતાના પ્રભુના નામે પ્રાર્થના કરી ઉઘાડી શકે તેને તેનો હક્ક આપવામાં આવશે. ફકીરો પ્રથમ કુરાનાદિ પ્રાર્થનાથી મથ્યા પણ કાંઇ ન વળ્યું. પછી શ્રીમદે જીનેંદ્ર ભગવાનની સ્તુતિ કરી કે તડાક દઇને તાળાં તુટી હેઠે પડયાં અને વૃદ્ધ શ્રાવકોએ રાજાને તે દેરાસરના ગુપ્ત ભોંયરામાંથી જૈન પ્રતિમાઓ બતાવવા શ્રીમદ્‌ને વિનંતી કરી. ભોંયરાનાં તાળાં પ્રભુસ્તુતિથી તુટતાં–ભંડારેલી સંખ્યાબંધ પ્રતિમાઓ બતાવી. તત્પશ્ચાત તે મૂર્તિઓની પુનઃ તે દેરાસરમાં વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવી. શ્રીમદ્‌ના ચમત્કારો દેખીને જામનગરના રાજા તથા પ્રજા ખુશ થઇ ગયા તથા જૈનધર્મની પ્રસંશા સર્વત્ર પ્રસરી. શ્રી કૃપાચંદ્રસૂરિજી તથા અન્ય સાધુઓ અને વૃદ્ધ શ્રાવકોના મુખથી આ વાર્તા જણાઇ છે. આત્માની અનંત શક્તિ છે, આત્માની જેઓ ઉપાસના કરે છે તેઓ પરમાત્માની પેઠે શક્તિઓ ફોરવી શકે છે. અરે જ્ઞાની ધ્યાની મહાત્માઓ સ્વયં ચમત્કાર રૂપજ છે ॥ **अहो अनंतवीर्योऽयमात्मा विश्वप्रकाशकः । त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः ॥ ज्ञानार्णव ॥** અનંત વિર્યરૂપ આત્મા છે, અને તે વિશ્વનો પ્રકાશક છે અને ધ્યાનશક્તિના પ્રભાવે ત્રણ લોકને ચલાયમાન કરવા તે શક્તિવાન છે.

**સિદ્ધાચળપર કાગડા આવતા બંધ કર્યા.**

શ્રીમદે શ્રી સિદ્ધાચળજીની યાત્રા ઘણી વાર કરી છે. ત્યાં શ્રીમદે વિહરમાન વીશી રચી હતી. 'રૂષભજીણંદશું પ્રીતડી' એ સ્તવન કિંવદન્તી પ્રમાણે શ્રીમદે અહિંજ પ્રભુ પાસે રચ્યું હતું. દુષમકાળ યોગે શ્રીસિદ્ધાચળજી પર કાગડાઓ આવવા લાગ્યા. કાગડાઓનું આ મહાતીર્થ પર આવવું અનિષ્ટકારક ગણવામાં આવે છે. આ કાગડાઓનો ઉપદ્રવ બંધ કરાવવાના અન્ય અનેક પ્રયત્નો વ્યર્થ જતાં શ્રીમદે સં. ૧૮૦૪ માં જ્યારે પોતે શા. કચરા કીકાના સંઘમાં સિદ્ધાચળજી પધાર્યા ત્યારે શ્રીસંઘની વિનંતીથી શાંતિસ્નાત્ર ભણાવી, પર્વતની ચારે બાજુ શાંતિજળની ધારા દેવરાવી કાગડાઓ આવતા બંધ કર્યાં. આ ચમત્કારથી સર્વત્ર આનંદ શાંતિ છવાયાં. શ્રીમદ્ યશોવિજયજી તથા શ્રીજ્ઞાનવિમળસૂરિજીએ પણ પ્રસંગોપાત્ત આવા ચમત્કારો કર્યા છે. પ્રસંગ વિના મહાત્માઓની શક્તિનાં દર્શન થતાં નથી તેમજ જ્ઞાનીઓ વાદીની પેઠે જ્યાં ત્યાં ને જ્યારે ત્યારે પોતાની શક્તિઓનું પ્રદર્શન કરાવતા પણ નથી.

શ્રીમદે મારવાડમાં સંઘ જમણ પ્રસંગે ગૌતમ સ્વામિના ધ્યાનથી એક હજાર શ્રાવકો જમે તેટલી રસોઇમાં આઠ હજાર શ્રાવકોને જમાડવાની મંત્રશક્તિ વાપરી હતી. વળી અનેક પ્રકારની અવધાનોની શક્તિ પણ શ્રીમદ્‌નામાં ખીલી હતી પણ તેઓ પ્રસંગ વિના કોઇને તે જણાવતા નહિ. હાલની પેઠે તે વખતે મહાત્માઓ અવધાનોના ખેલો કરતા ન હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રીમદ્ રચિત ગ્રંથોનો સાર.**

શ્રીમદ્ દેવચંદ્રજી ઉપાધ્યાયે આગમોમાંથી સારમાં સાર તત્ત્વ જે દ્રવ્યાનુયોગ કહેવાય છે, તેનો સારભાગ ખેંચીને ગ્રંથોની રચના કરી છે. દ્રવ્યાનુયોગ જ્ઞાન, અધ્યાત્મજ્ઞાન, શાંત અને વૈરાગ્ય રસ તો તેઓના ગ્રંથોમાંથી જ્યાં ત્યાં નીતર્યા જ કરે છે. તેઓના ગ્રંથોરૂપી સરોવરો ખરેખર તત્ત્વજ્ઞાનથી છલકાઇ જ જાય છે. તેમના ગ્રંથો પૈકી આગમસાર, નયચક્ર અને વિચારસાર એ ત્રણ ગ્રંથો તો ખાસ તત્ત્વજ્ઞાનથી ભરેલા છે. એ ત્રણ ગ્રંથોનો ગુરુગમપૂર્વક અભ્યાસ કરવાથી સર્વ આગમોમાં પ્રવેશ કરી શકાય છે, ને પાર પામી શકાય છે. અનંત જ્ઞાનસાગરનો પાર નથી, પણ તેમાં પ્રવેશ થવા માટે એ ત્રણ ગ્રંથો ઘણા જ ઉપયોગી છે. પ્રશ્નોત્તર નામનો શ્રીમદ્ કૃત ગ્રંથ ખરેખર અનુભવજ્ઞાનથી ભરપૂર છે. અનેક જૈનશાસ્ત્રો વાંચ્યા બાદ પ્રશ્નોત્તર ગ્રંથમાં કરેલા પ્રશ્નોના ઉત્તરાર્થનો અનુભવ થઇ શકે એમ છે. અધ્યાત્મજ્ઞાનમાં ઉંડા ઉતરવા માટે શ્રીજ્ઞાનસાર પર કરેલી શ્રી જ્ઞાનમંજરી ટીકા અપૂર્વ છે. આત્મજ્ઞાન સંબંધી જૈનોમાં, ભગવદ્ગીતાથી પણ કોઇ મહાન્ સત્યપૂર્ણ ગ્રંથ હોય તો તે જ્ઞાનસાર ગ્રંથ છે. તેના પર શ્રીમદે ટીકા રચીને પોતાના અધ્યાત્મજ્ઞાન સંબંધી વિચારોને જીવતા મૂકી ગયા છે. અર્વાચીન કાળમાં જ્ઞાનસારની મહત્તા ઉપયોગિતા સર્વત્ર પ્રસાર ને પ્રચાર પામી છે. અધ્યાત્મ જ્ઞાનીઓનું જ્ઞાનસાર ગ્રંથ આનંદમય હૃદય છે અને તેના પર ટીકા રચીને શ્રીમદે જ્ઞાનસારની મહત્તામાં વૃદ્ધિનો પ્રકાશ પાડયો છે. શ્રીમદ્ ઉપાધ્યાય શિરોમણી શ્રીમદ્ યશોવિજયજીનો છેલ્લામાં છેલ્લો અધ્યાત્મ જીવનરસનો ઝરો જેમાં વહ્યો છે તે ગ્રંથ ખરેખર જ્ઞાનસાર છે અને શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજની છેલ્લી જીંદગીનો અધ્યાત્મજ્ઞાન રસનો જીવતો ઝરો તેમાં વહ્યો છે. પછી તેમાં રહેલા અધ્યાત્મજ્ઞાનાનંદરસની મીઠાશ સંબંધે શું પુછવું ?

શ્રીમદ્ રચિત ચોવીશીમાં જ્ઞાન અને ભક્તિનો રસ છલકાઈ જાય છે. શ્રીમદ્‌ના ગ્રંથોમાં ષડ્દ્રવ્ય નવતત્ત્વ, કર્મવ્યાખ્યા, સાતનય, સપ્તભંગી અનેક પક્ષ, આગમ વ્યાખ્યાન, આત્મતત્ત્વસ્વરૂપદર્શન વિગેરે સર્વ બાબતોનું વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર રીત્યા તેમના ગ્રંથોમાં જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, ઉપાસનાયોગ વિગેરે સર્વ યોગોનું સ્વરૂપ આવ્યું છે. શ્રીમદ્ સનાતન જૈનમાર્ગોપદેશક હતા. શ્રીમદે જિનેશ્વરની પ્રતિમાને પુષ્પો ચઢાવવાના પાઠોને આગમના આધારે દર્શાવ્યા છે. તેમાં ખુબી એ છે કે તેમણે મગજની સમતોલતા ખોઇ નથી. તેમના શબ્દોમાં મધુરતા, સ્નેહ ને આકર્ષકતા છે. દીર્ઘકાલીન જૈન તત્ત્વજ્ઞાનની દિશા દેખવી હોય તો, વા તેની ઝાંખી કરવી હોય તો તેમના ગ્રંથોનો ગુરુગમ પુર્વક અભ્યાસ કરવાની જરૂર છે. પાકેલી કેરીનો કોઇ રસ કાઢી લે તેવી રીતે તેમણે જૈન શાસ્ત્રોમાંથી રસ કાઢીને આગમસાર નયચક્ર-વિચારસારાદિ ગ્રંથો રચ્યા છે.

**શ્રીમદ્‌નો શિષ્ય સમુદાય.**

શ્રીમદ્‌ના શિષ્યભુત સાધુઓ અને સાધ્વીઓ હતાં કે નહિ તે હજી ચોક્કસ થતું નથી. મહા પ્રખ્યાત પુરુષોની પાછળની સંતતિ તેવા પ્રકારની હોતી નથી. કાંતો દેવતાની પાછળ કોલસા જેવું થાય છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની પાછળ તેમની સંતતિપરંપરા વહી નથી. શ્રીમદ્ યશોવિજયજીની પાછળ શિષ્યો હતા પણ તેમની પરંપર વહી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. શ્રીમદ્ આનંદઘનજીની પાછળ સાધુ શિષ્યો જણાયા નથી. તેમની પાસે ઉપદેશ શ્રવણ કરનાર શ્રાવક શિષ્યો તો ઘણા હતા. શ્રીમદ્નો પ્રતિબોધિત શ્રાવક સમુદાય તો અનેક દેશોમાં હતો. તેમના ભક્ત શ્રાવકોએ તેમની બનાવેલ અધ્યાત્મગીતાને સુવર્ણના અક્ષરે લખાવી હતી. શ્રીમદ્ની ચોવીશી વર્ષોપર એક જ હાથે લખાયલી સાર્થ-ઘણા સુન્દર સુવર્ણ રંગોથી પરિપૂર્ણ સારી જાળવાયેલી આ લેખકને ત્યાં મોજૂદ છે તે જોઇ આફ્રીન બોલી જવાય છે ને તેમના ભક્તોની ભક્તિ ને ગુરુપ્રેમ માટે માન ને પૂજ્યભાવ પ્રકટે છે. આવા જ ગુરુપ્રેમી ભક્ત શ્રાવકોએ શ્રીમદ્ના ગ્રંથોનો પ્રચાર સર્વ દેશોમાં કરી દીધેલો હતો એ તેમની ગુરુભક્તિની ઉત્તમતા હતી. શ્રીમદ્ના સાધુ શિષ્યો હોત તો તેઓ કોઇપણ ઠેકાણે કાંઇપણ લખ્યા વિના રહ્યા ન હોત. આથી શ્રીમદ્ના શિષ્ય પરિવારમાં કોઇ વિદ્વાન ઉદ્ભવ્યા જણાતા નથી.

**ઉપકાર પ્રદર્શન.** આ જીવન અને ગુર્જર સાહિત્ય વિષયક નિબંધ પૂર્ણ કરતાં પહેલાં વાચક વર્ગ, વિદ્વાન વર્ગ અને જ્ઞાની પુરુષોની પાસે, લખાણમાં રહી ગયેલા દોષો સ્ખલત અશુદ્ધિ વગેરે માટે બે હાથ જોડી ક્ષમા માગું છું. કારણ હું છદ્મસ્થ અને બાલજીવ છું. તો આ નિબંધમાં દ્રષ્ટિદોષથી વા મંદ બુદ્ધિને લઇ રહેલી અપૂર્ણતા ને ભૂલો માટે ક્ષમા યાચતાં આ લખાણ માટે જો કોઈ પણ મારા મહાઉપકારક હોય તો તે પ્રાતઃસ્મરણીય આચાર્ય મહારાજજી કવિરત્ન-સમદ્રષ્ટિ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી જ છે. તેમની પૂર્ણ દયા પ્રયાસ અને સદ્બોધથી આ નિબંધ હું લખી શક્યો છું તથા મ્હારા અધ્યાત્મજ્ઞાનરસિક પૂજ્ય પિતાશ્રી જેઓ શ્રીમદ્ સૂરીશ્વરજીના અનન્ય ભક્ત અને અધ્યાત્મજ્ઞાનના અનન્ય જીજ્ઞાસુ છે તેમની પ્રોત્સાહન પૂર્ણ પ્રેરણા અને વાત્સલ્યપૂર્ણ સહાય વડે જ આ નિબંધ પૂર્ણતયા હું આલેખી શક્યો છું. માટે તેમનો અત્ર અતિ ભક્તિભાવે પૂજ્યભાવે ઉપકાર માનું છું ને જૈન સાહિત્યના પરમપ્રેમી ભાવનગર નિવાસી સુરબ્બી શેઠ કુંવરજીભાઇ આણંદજી કે જેમની પ્રેરણાથી આ નિબંધ પ્રચાર કરવામાં મને સરળતા થઇ તથા પરિષદ્ કે જેના નિમિત્તે આવા અપૂર્વ નિબંધો પ્રકાશમાં આવી શકે છે તેમનો અત્ર આભાર માનું છું. આ નિબંધ વિશ્વના હિત ઉપકાર ને સદ્બોધ દ્વારા સૌના આત્મ કલ્યાણને અર્થે હો એમ ઇચ્છી પૂર્ણ કરી વિરમું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org